!! હરિઃ શરણમ્ !!

# સન્ત હૃદયોદ્‌ગાર

આ પ્રકાશનનું પાવન ધ્યેય શરણાનંદજી મહારાજનાં
અકાટ્ય દર્શનનો પ્રચાર–પ્રસાર કરવો છે,
જે માનવમાત્રની અમૂલ્ય નિધિ છે.

સ્વામી શરણાનંદજી મહારાજ

# ક્રાંતિકારી સંતવાણી : પ્રાક્કથન

બ્રહ્મલીન પૂજ્યપાદ સ્વામી શ્રીશરણાનંદજી મહારાજ એક અભૂતપૂર્વ દાર્શનિક સંત થયા છે. અધ્યાત્મ-ક્ષેત્રમાં તેઓ જેટલી ગહનતા સુધી પહોંચ્યા હતા, તેટલી ગહનતા સુધી ભાગ્યે જ કોઈ દાર્શનિક પહોંચ્યા હશે ! વિશ્વમાં તેમના જેવા મહાન વિચારક મળવા દુર્લભ છે ! અધ્યાત્મ-જગતમાં તેમણે અનેક નવાં નવાં સંશોધનો કર્યાં. તેમના વિચાર કોઈ ધર્મ, મત, સંપ્રદાય, દેશ વગેરેમાં સીમિત ન રહેતાં માનવમાત્રને માટે હિતકારક છે, પરંતુ આજ સુધી તેમના ક્રાંતિકારી વિચારોનો વ્યાપક પ્રચાર થયો નથી. એટલું જરૂર કહી શકાય છે કે જે સમયે સંસાર તેમની વિચારધારાને જાણી લેશે, તે સમયે અધ્યાત્મ-જગતમાં એક ક્રાંતિ આવી જશે, એમાં લેશમાત્ર પણ શંકા નથી.

મહારાજશ્રીનાં પુસ્તકોની શૈલી જટિલ હોવાથી દરેકને તેમની વાતો સરળતાથી સમજાતી નથી. આવી સ્થિતિમાં તેમના સાહિત્યનો પ્રચાર કેવી રીતે થાય, તેમની કીમતી વાતો જન સાધારણ સુધી કેવી રીતે પહોંચે, તેમના અનોખા ભાવોથી લોકો કેવી રીતે પરિચિત તેમજ લાભાન્વિત થાય - એ ઉદ્દેશ્યથી પ્રસ્તુત પુસ્તક 'ક્રાંતિકારી સંતવાણી' ની રચના કરવામાં આવી છે. આમાં વિષયાનુસાર અઢી હજારથી વધુ અમૂલ્ય વચનોનો સંગ્રહ કરવામાં આવ્યો છે. આના દ્વારા પાઠકોને વિષયાનુસાર મહારાજશ્રીનાં વિચારો જાણવામાં સુવિધા થશે.

મહારાજશ્રીનાં પુસ્તકોમાં આવેલી સામગ્રી એટલી સચોટ તેમજ માર્મિક છે કે તેમાંથી કઈ લેવામાં આવે અને કઈ વાત છોડી દેવામાં આવે એનો નિર્ણય કરવાનું ઘણું જ મુશ્કેલ કામ છે ! તેથી પોતાની સીમિત બુદ્ધિથી જેટલું શક્ય બની શક્યું, વચનોનું સંકલન કરી દીધું છે. જો પાઠકોને આ સંકલન ઉપયોગી લાગ્યું હોય તો એ મહારાજશ્રીની જ કૃપાનું પરિણામ છે.

જિજ્ઞાસુ પાઠકોને નિવેદન છે કે તેઓએ આ પુસ્તકમાં જ સંતોષ ન કરતાં 'માનવ સેવા સંઘ' દ્વારા પ્રકાશિત મહારાજશ્રીનાં સાહિત્યનું પણ જરૂર અધ્યયન કરવું. કારણ કે તેમના સાહિત્ય-સાગરમાં ન જાણે કેટલાંય બહુમૂલ્ય રત્નો છુપાયેલાં પડ્યાં છે, જેમને કોઈ પણ જિજ્ઞાસુ શોધીને કાઢી શકે છે અને વિશેષ લાભ મેળવી શકે છે.

આ પુસ્તકમાં જે કંઈ પણ લખવામાં આવ્યું છે, તે માત્ર વાંચી જવા માટે નથી બલ્કે વાંચીને તેના પર ગંભીરતાપૂર્વક મનન-વિચાર કરવા માટે છે. આશા છે સત્યની ખોજમાં રત એવા જિજ્ઞાસુ સાધકો આ પુસ્તકનું અધ્યયન-મનન કરીને લાભ ઉઠાવશે.

વિ. સં. ૨૦૬૭

નિવેદક
રાજેન્દ્ર કુમાર ધવન

(બ્રહ્મલીન પૂજ્ય સ્વામી શ્રીરામસુખદાસજી મહારાજનાં લગભગ બધાંજ પુસ્તકોને ધવનજીએ લિપિબદ્ધ તેમ જ સંપાદિત કરી પ્રકાશિત કરાવ્યાં છે. –સ્વામી અદ્વૈત ચૈતન્યજી, ક્રાંતિકારી સંતવાણી પ્રસ્તાવનાથી)

**!! હરિઃ શરણમ્ !!**

# સન્ત હૃદયોદ્ગાર

## બ્રહ્મલીન પૂજ્યપાદ સ્વામી શ્રીશરણાનંદજી મહારાજનાં હૃદયસ્પર્શી ઉદ્ગાર

**આ પુસ્તકનાં માર્મિક વચનો 'ક્રાંતિકારી સંતવાણી પુસ્તકમાં આવેલા વિષયાનુસાર અઢી હજારથી પણ વધારે અણમોલ વચનોમાંથી લીધેલાં છે. સાધકોને શરણાનંદજી મહારાજનાં પુસ્તકોનું ગંભીરતાપૂર્વક અધ્યયન-મનન કરવા વિનંતી છે.**

હું તો માનવ સેવા સંઘનાં મંચને એવો માનું છું કે જ્યાં એક અંગ્રેજ, એક અમેરિકન, એક હિન્દુ, એક બૌદ્ધ, વિભિન્ન દેશો, વિભિન્ન મતોનાં લોકો એક સાથે બેસે અને જીવનનાં શુદ્ધ સત્ય પર વિચાર કરી શકે – **આ મંચને આવો સુરક્ષિત રાખવાનો છે. આ મંચનાં માધ્યમથી કોઈ એકદેશીય સાધનાની ચર્ચા ક્યારેય નહિ કરવામાં આવે.** 'સર્વમાન્ય સત્ય'ને દેશ, કાળ, મત, વર્ગ, સંપ્રદાય, ધર્મનો ભેદ સ્પર્શ નથી કરી શકતો. વાત એ હોવી જોઈએ જે વ્યક્તિવાદ અને સંપ્રદાયવાદથી રહિત હોય, જેથી હિન્દુ, મુસલમાન, ઈસાઈ વગેરે સૌ કોઈ લાભ ઉઠાવી શકે.

**– સ્વામી શરણાનંદજી** (જીવન વિવેચન ભાગ-2, પાના નં. 42/44)

# सन्त हृदयोद्गार

(મૂળ હિન્દી પુસ્તકનું ગુજરાતી ભાષાંતર)

---


☀ પ્રકાશક :

**કરનાલ માનવ સેવા સંઘ**

કરનાલ-132001 (હરિયાણા)

ફોન : 094164 67999

☀ સંસ્કરણ : ઈ.સ. 2017

☀ મૂલ્ય : ₹ 10/-



**હવે ઈન્ટરનેટ ઉપર પણ સત્સંગનો લાભ લ્યો**
**ક્યારે પણ ! ક્યાંય પણ !!**
**www.swamisharnanandji.org**
**શ્રી શરણાનંદજી મહારાજનાં**
**પ્રવચનો સાંભળો-સાહિત્ય વાંચો.**

**આ સંતવાણી તમારા જીવનમાં ક્રાંતિ લાવી શકે છે !**



☀ પુસ્તક પ્રાપ્તિ સ્થાન :

**શ્રી પ્રેમાનંદજી**

મીના સદન, ગણેશ સોસાયટી, કાશી વિશ્વનાથ મંદિરની પાછળ,

ખેડબ્રહ્મા-383255, જીલ્લો- સાબરકાંઠા (ગુજરાત)

ફોન : (02775) 220774

**શ્રી ભાવેશભાઈ તન્ના**

ઈ-2, ગિરિરાજ સોસાયટી, બસ સ્ટેન્ડ પાછળ, જૂનાગઢ-362001 (ગુજરાત)

મોબાઈલ: 098244 77366

**ધાર્મિક સાહિત્ય સદન**

બુલિયન બિલ્ડીંગ, હલ્દિયોંકા રાસ્તા, જૌહરી બજાર,

જયપુર-302003 (રાજસ્થાન)

ફોન : (0141) 2570602, 2563379

E-mail: shrihari_jaipur@yahoo.co.in

॥ ॐ श्रीपरमात्मने नमः ॥

# સંત હૃદયોદ્ગાર

**(બ્રહ્મલીન પૂજ્યપાદ સ્વામી શ્રીશરણાનંદજી મહારાજના હૃદયસ્પર્શી ઉદ્ગાર)**

1. જો તમે ભગવાનને માનો છો, તો તે માન્યતાનો પરિચય મારા-તમારા જીવન દ્વારા થાય, માત્ર વિચારોથી નહીં. આપણું જીવન જ કહી દે કે આપણે ભગવાનને માનીએ છીએ. — સંત-સમાગમ

2. ઘણા લોકો છે જે પ્રભુને માને છે. ઘણા લોકો છે જે સંસારની વાસ્તવિકતાને જાણે છે. મહત્ત્વની વાત એ છે કે જે જાણ્યું છે તેનો પ્રભાવ જીવનમાં કેટલો છે; જે માન્યું છે તેનો પ્રભાવ જીવનમાં કેટલો છે. — સફલતાકી કુંજી

3. ભગવાનનું સ્મરણ કરવાથી જીવનું કલ્યાણ થાય છે— આ વાત પણ આપણે સારી રીતે જાણીએ છીએ, છતાં મન ભગવાનમાં લાગતું નથી, તો આનાથી વધીને બીજી નાસ્તિકતા કઈ હશે ? આશ્ચર્ય એ વાતનું છે કે આપણે મહામૂર્ખ અને નાસ્તિક હોવા છતાં પણ પોતાને આસ્તિક અને બુદ્ધિમાન માનીએ છીએ. — સંતવાણી (પ્રશ્નોત્તર)

4. વસ્તુવિશેષમાં ભગવદ્બુદ્ધિ થવી કોઈ કઠણ વાત નથી. પરંતુ આ અધૂરી આસ્તિકતા છે. પૂરી આસ્તિકતાનો તો અર્થ એ છે કે ભગવાનથી ભિન્ન કાંઈ છે જ નહિ. હમણા પણ નથી, પહેલાં પણ ન હતું અને ભવિષ્યમાં પણ નહિ હોય. — સંતવાણી

5. ગંભીરતાથી વિચારો, કોઈના હોવાનો કશો અર્થ નથી, જ્યાં સુધી કે તેની સાથે આપણો સંબંધ ન થાય અને કોઈની પણ સાથે સંબંધ ત્યાં સુધી નથી થતો, જ્યાં સુધી તેની આવશ્યકતા ન હોય. — સંત-સમાગમ

6. જો તમને તેમના વિના અનુકૂળતા પ્રિય છે, તો તે એ પ્રકારની છે કે એક સુંદર ઓરડો સજાવેલો છે અને તમે મિત્ર વિનાના (એકલા) છો; એક સુંદર સ્ત્રી શણગાર કરે અને પતિથી વંચિત રહે, અથવા શરીર આત્મારહિત હોય. આસ્તિકવાદનું ન હોવું જીવનમાં એકલા પડી રહેવા જેવું છે. — સંત-સમાગમ

7. કશું ન કરવાથી જીવન પોતાના માટે ઉપયોગી થઈ જાય છે અને સાચું (કર્તવ્ય કર્મ) કરવાથી જીવન જગતને માટે ઉપયોગી થઈ જાય છે. — સંતવાણી

8. પોતાના માટે કાંઈ કરવું— આ અસતનો સંગ છે. — મૂક સત્સંગ

9. એવું માની લેવું કે અમે જ્યારે કાંઈક કરીશું, તો જ કાંઈક મળશે, કર્યા વિના કશું મળતું નથી– આવી ધારણામાં આસ્થા કરવી એ મનુષ્યને અવિનાશી જીવનથી વિમુખ કરે છે. — સફળતાકી કુંજી

10. જે દિવસ-રાત પોતાના અહમ્‌ના મહત્ત્વને જ વધારતો રહે છે, દુનિયા તેનું મોઢું જોવાનું પસંદ કરતી નથી, આ હકીકત છે. — સંતવાણી

11. 'सबहिं नचावत राम गोसाईं'– આ તે ભક્તના હૃદયની પોકાર છે કે જેનો અહમ્‌ભાવ મટી ગયો છે.

— સંત-પત્રાવલિ

12. આપણે સ્વયંમાંથી 'હું સર્વહિતૈષી છું', 'હું ઇચ્છારહિત છું' અથવા 'મારે પોતાને માટે સંસારમાંથી કાંઈ જોઈતું નથી'— આવો અહમ્‌ભાવ પણ ઓગાળી નાખવો જોઈએ. આ ત્યારે જ સંભવ થશે, જ્યારે સર્વહિતકારી પ્રવૃત્તિ થવા છતાં પોતાનામાં કર્તાપણાનું અભિમાન ન આવે અને ઇચ્છારહિત થયા છતાં પણ 'હું ઇચ્છારહિત છું' આવો ભાસ ન થાય. કારણ કે અહમ્‌ભાવ સાથે વાસ્તવમાં કોઈ ઇચ્છારહિત થઈ શકતું નથી; કેમ કે સેવા તથા ત્યાગનું અભિમાન પણ કોઈ રાગથી ઓછું નથી.

— જીવનદર્શન

13. જો તમે અન્ય લોકો માટે બોલો છો, અન્ય લોકો માટે સાંભળો છો, અન્ય લોકો માટે વિચારો છો, અન્ય લોકો માટે કામ કરો છો તો તમારી ભૌતિક ઉન્નતિ થતી જ રહેશે. તેને કોઈ રોકી શકતું નથી. અને જો તમે કેવળ પોતાના માટે જ વિચારો છો તો દરિદ્રતા કદીએ જશે નહિ.

— સંતવાણી

14. હું તો એ તારણ પર આવ્યો છું કે આપણાં બધાંનું વર્તમાન આપણાં સૌના વિકાસમાં હેતુ છે; ચાહે વર્તમાન દુઃખરૂપ હોય કે ચાહે સુખરૂપ હોય.

— સંતવાણી

15. સૌથી શ્રેષ્ઠ ઉપદેશક કોણ છે ? જે પોતાના આચરણથી ઉપદેશ આપે છે. તે સૌથી મોટો વક્તા છે, સૌથી મોટો પંડિત છે, સૌથી મોટો સુધારાવાદી છે. અને સૌથી નિકૃષ્ટ કોણ છે ? જે પરચર્ચા કરીને ઉપદેશ કરે છે. ક્યારેક વ્યક્તિઓની ચર્ચા, ક્યારેક પરિસ્થિતિઓની ચર્ચા.

— સંતવાણી

16. કર્તવ્યનિષ્ઠ થવાથી જ કર્તવ્યપરાયણતા વિસ્તરે છે, સમજાવવાથી નહીં, ઉપદેશથી નહીં, શાસન કરવાથી નહીં, ભયથી નહીં અને પ્રલોભનથી પણ નહીં.

— સંતવાણી

17. જ્યાં સુધી સંસારની સત્યતા અને સુંદરતાનો ભાસ છે, ત્યાં સુધી કામ-જ-કામ છે. — સંતવાણી

18. જ્યારે સાધક પ્રાપ્ત વિવેક દ્વારા શરીરના વાસ્તવિક સ્વરૂપનું દર્શન કરી લે છે, ત્યારે શરીરની સત્યતા અને સુંદરતા મટી જાય છે અને તેના મટવાથી જ કામનાનો અંત થઈ જાય છે. — સંત-સૌરભ

19. જેને કોઈ ચાહ નથી, તે જ 'પ્રેમ' કરી શકે છે અને જેને કોઈ ચાહ નથી તે જ 'મુક્ત' થઈ શકે છે.— માનવકી માંગ

20. મારો પોતાનો આજ સુધીનો અનુભવ છે કે જે આપણે ઇચ્છીએ છીએ, તે ન થાય, એમાં જ આપણું હિત છે. મેં તો જ્યાં સુધી મારા મનની વાત માની છે, પોતાના મન મુજબ કર્યું છે ત્યારે પતન સિવાય, અવનતિ સિવાય મને

તો પરિણામે કાંઈ મળ્યું નથી....... હું તમારી સામે મારી અનુભૂતિ વ્યક્ત કરી રહ્યો છું અને આનાથી લાભ ઉઠાવવા ઇચ્છતા હો તો મન-માની ન કરો. પ્રભુ ઇચ્છે તે થવા દો. પ્રભુ એ જ ઇચ્છે છે જે આપ-મેળે થઈ રહ્યું છે. — સંતવાણી

21. કોઈ પણ પ્રકારની કામના ન રાખનાર 'રાજાઓનો રાજા'; પ્રાપ્ત શક્તિથી થોડી ઓછી કામના રાખનાર 'ધનવાન'; શક્તિ અનુસાર કામના રાખનાર 'મજૂર' અને શક્તિથી વિશેષ કામના રાખનાર 'કંગાલ' છે.

— સંત-પત્રાવલિ

22. કામના જ ક્રોધનું કારણ છે, ભલે તે કામના શુભ હોય કે અશુભ. જો કે અશુભથી શુભ શ્રેષ્ઠ છે, પરંતુ શુભ કામના પણ દુઃખનું કારણ છે. — સંત-પત્રાવલિ

23. ભગવાન ઇચ્છા પૂરી કરતા નથી, તેઓ તો ભક્તોને ઇચ્છા-રહિત કરે છે. — સંત-જીવન-દર્પણ

24. ઇચ્છાઓ શેષ હોય અને પ્રાણ ચાલ્યા જાય તો 'મૃત્યુ' થઈ ગયું અને મૃત્યુ પહેલાં ઇચ્છાઓ નિવૃત્ત થઈ જાય તો 'મુક્તિ' થઈ જાય. — સંત-જીવન-દર્પણ

25. જ્યારે આપણા મનની ઇચ્છાથી વિપરીત થાય, ત્યારે સાધકે સમજવું જોઈએ કે હવે પ્રભુ પોતાના મનની વાત પૂરી કરી રહ્યા છે. — સંત-સૌરભ

26. જો ભગવાન પાસે કામના લઈને જઈશું તો ભગવાન સંસાર બની જશે અને જો સંસાર પાસે નિષ્કામ થઈને જઈશું તો સંસાર પણ ભગવાન બની જશે. તેથી ભગવાન પાસે પ્રેમ કરવા માટે જવું અને સંસાર પાસે સેવા કરવા અને બદલામાં ભગવાન અને સંસાર બન્ને પાસે કશું ન માગીએ તો બન્ને પાસેથી પ્રેમ મળશે.— સંતવાણી (પ્રશ્નોત્તર)

27. પરમાત્મા પાસે જો કંઈ માગશો તો તમારો સંબંધ પરમાત્મા સાથે તો રહેશે જ નહિ, જે આપણે માંગીશું તેની સાથે (સંબંધ) થઈ જશે. — સંતવાણી

28. આપણને જે જોઈએ છે, તે આપણામાં છે. — સંતવાણી

29. જો તમે એવું માનો છો કે સત્યની જિજ્ઞાસાની સાથે-સાથે અસતની કામના પણ છે, તો માનવું પડશે કે સત્યની જિજ્ઞાસાના નામે તમે કોઈ અસતનો ભોગ કરવા ચાહો છો. — સંતવાણી

30. આપણે પોતાનામાં જે ઇચ્છા ઉત્પન્ન કરી લીધી છે, એ જ આપણી અને પ્રભુની વચ્ચે મોટો પડદો કહો કે ઊંડી ખાઈ કહો– બની ગઈ છે. — સંત-ઉદ્‌બોધન

31. તેમની અહૈતુકી કૃપા માગ્યા વિના જ આવશ્યક વસ્તુ આપી દે છે અને અનાવશ્યક વસ્તુ માગવા છતાં આપતી નથી. આ દષ્ટિએ કંઈ પણ માંગવુ એ અણસમજણનો પરિચય આપવા જેવું છે અને તેમના મંગલમય વિધાનનો અનાદર છે. — સંત-પત્રાવલિ

32. જો ઇન્દ્રિયો સંસાર તરફ જાય છે તો તેમાં તેમનો શો દોષ છે ? સંસાર અને ઇન્દ્રિયોની જાતિ એક છે. પરંતુ તમે કેમ સંસારને પસંદ કરો છો એ કહો ? તમે તો ભગવાનની જાતિના છો. — સંતવાણી

33. પોતાના બળનું અભિમાન છોડીને સાધક જ્યારે એવો વિકલ્પ-રહિત વિશ્વાસ કરી લે છે કે મારા પર ભગવાનની કૃપા અવશ્ય થશે, હું તેમનો કૃપા-પાત્ર છું, તે જ સમયે તેના પર ભગવાનની કૃપા અવશ્ય થઈ જાય છે. એમાં કોઈ સંદેહ નથી. — સંત-સૌરભ

34. તમે બધા સાચે જ માનો, તે અનંતની અહૈતુકી કૃપા નિરંતર યોગની, જ્ઞાનની, પ્રેમની વૃષ્ટિ કરી રહી છે. પરંતુ દુઃખની વાત તો એ છે કે, આપણે તે કૃપા દ્વારા જે વર્ષા થઈ રહી છે, તેનો ઉપયોગ કરી શકતા નથી. તમે કહેશો, કઈ રીતે ઉપયોગ નથી કરી શકતા ? શું આપણે થોડા-થોડા સમય માટે પણ શાંત થઈએ છીએ ? જો શાંત થયા હોત તો તમને પોતાને અનુભવ થાત કે પ્રભુની કૃપાશક્તિ યોગ આપી રહી છે, પ્રેમ આપી રહી છે, જ્ઞાન આપી રહી છે અને આપણે તેમાં તદ્રૂપ થઈને કૃતકૃત્ય થઈ રહ્યા છીએ. — સંતવાણી

35. ભૂતકાળના દોષોને આધારે વર્તમાનની નિર્દોષતામાં દોષનું આરોપણ કરવું એ સ્વયં પ્રત્યે અન્યાય છે. આનો અર્થ એ નથી કે ભૂતકાળની ભૂલનું પરિણામ પરિસ્થિતિરૂપે આપણી

સામે નહિ આવે, જરૂર આવશે; પરંતુ ભૂતકાળના દોષના આધારે વર્તમાનની નિર્દોષતામાં દોષનો આરોપ કરવો એ દોષરૂપી પ્રવૃત્તિને જન્મ આપવા જેવું છે.

— દર્શન ઔર નીતિ

36. પૂજા-પ્રાર્થના બધું પરમાત્મા સાથે કરવાની વાત છે. ગુરુ પરમાત્માનો બાપ થઈ શકે છે, પરમાત્મા નહિ. હા, ગુરુવાક્ય બ્રહ્મવાક્ય થઈ શકે છે. ગુરુ શ્રદ્ધાસ્પદ થઈ શકે છે, પ્રેમાસ્પદ નહિ. વ્યક્તિને જો પરમાત્મા માનવા હોય તો બધાને માનો. ગુરુ સાધનરૂપ થઈ શકે છે, સાધ્યરૂપ નહિ. — સંતવાણી (પ્રશ્નોત્તર)

37. આજે ઉપદેશક ગુરુની લેશમાત્ર જરૂર નથી. જરૂર તો એ વાતની છે કે કોઈ એવો વીર પુરુષ કે વીર મહિલા હોય, જે કોઈ ઉપદેશને સ્વીકારી શકે. — સંતવાણી

38. તમારા માટે દુનિયાનો મોટા-માં-મોટો ગુરુ, મોટા-માં-મોટો નેતા, મોટા-માં-મોટું રાષ્ટ્ર જે કામ નથી કરી શકતાં, તે જો તમે ચાહો તો પોતાના માટે કરી શકો છો.— સંતવાણી

39. શાસ્ત્રોમાં નેતા કે ગુરુ બનવાને પતનનું કારણ કહ્યું છે. આનાથી સ્પષ્ટ થાય છે કે આ કામ મહાપુરુષોના માટે જ ઉપયુક્ત છે. સાધકે આ બખેડામાં ક્યારેય પડવું ન જોઈએ.

— સંત-સૌરભ

40. વાસ્તવિક ગુણોનો પ્રાદુર્ભાવ થતાં તેમનો ભાસ થતો નથી. તેથી જ્યાં સુધી ગુણોનો ભાસ થાય, ત્યાં સુધી એવું માનવું કે ગુણોના સ્વરૂપે કોઈ દોષ છે. — ચિત્તશુદ્ધિ

41. જ્યારે પ્રાણીની પોતાની પ્રસન્નતા કોઈ બીજા પર નિર્ભર હોય છે, ત્યારે તેનું ચિત્ત અશુદ્ધ થઈ જાય છે, અને આમ થતાં અનેક દોષો આપમેળે ઉત્પન્ન થવા લાગે છે.— ચિત્તશુદ્ધિ

42. આ બધાં જાણે છે કે ગાઢ નિદ્રામાં પ્રાણી પ્રિય-માં-પ્રિય વસ્તુ અને વ્યક્તિનો ત્યાગ સ્વાભાવિક રીતે જ કરે છે અને તે સ્થિતિમાં કોઈ પ્રકારના દુઃખનો અનુભવ કરતો નથી, બલ્કે જાગે ત્યારે એવું કહે છે કે બહુ જ સુખેથી ઊંઘ આવી. પ્રાકૃતિક નિયમ પ્રમાણે કોઈ પણ સ્મૃતિ અનુભૂતિ વિના થતી નથી. ગાઢ નિદ્રામાં કોઈ દુઃખ ન હતું, આવી અનુભૂતિ શું સાધકને વસ્તુ, વ્યક્તિ વગેરેથી અતીતના જીવનની પ્રેરણા નથી મળતી ? અર્થાત્ અવશ્ય મળે છે. ........... ગાઢ નિદ્રા જેવી સ્થિતિ જો જાગ્રતમાં પ્રાપ્ત કરી લઈ શકાય તો આ શંકા નિર્મૂળ થઈ જશે અને એ સ્પષ્ટ બોધ થઈ જશે કે વસ્તુ, વ્યક્તિ વગેરે વિના પણ જીવન છે અને તે જીવનમાં કોઈ પ્રકારનો અભાવ નથી.
— ચિત્તશુદ્ધિ

43. સાધકે વિશ્વાસ રાખવો જોઈએ કે જીવન પોતે જ પોતાની રક્ષા કરે છે. જો જીવન શેષ છે તો જીવન-જરૂરી સાધનો આપ-મેળે મળી જશે. — સંત-સૌરભ

44. સંસારની સહાયતાથી જ્યાં સુધી જીવન છે એવું લાગે છે, ત્યાં સુધી તો મૃત્યુના ક્ષેત્રમાં જ રહીએ છીએ. શરીરના રહેવાનું નામ જીવન નથી..... શરીર સાથે સંબંધ-વિચ્છેદ થયા પછી જીવનની પ્રાપ્તિ થાય છે. — સંતવાણી

45. જેને તમે જાણવું અને સમજવું કહો છો, તે તો માત્ર શીખવું છે. તમે શીખ્યા છો, સાંભળ્યું છે, પણ ન તમે જાણ્યું છે, ન તમે સમજ્યાં છો........ જાણવાનો અર્થ એ છે કે જ્યારે તમે યથાર્થ- જાણી લો કે ખરેખર આટલા મોટા સંસારમાં મારું કંઈ છે જ નહિ અને મારે કંઈ જોઈતું નથી. — સંતવાણી

46. જે સાધક પોતાના જ્ઞાનનો આદર કરતો નથી, તે ગુરુ અને ગ્રંથના જ્ઞાનનો પણ આદર કરી શકતો નથી. જેમ, જે આંખોનાં પ્રકાશનો ઉપયોગ કરતો નથી, તે સૂર્યના પ્રકાશનો પણ ઉપયોગ કરી શકતો નથી. — જીવન-દર્શન

47. કર્મ જ્ઞાનનું સાધન નથી હોતું, બલ્કે ભોગદાતા હોય છે. — સંત-સમાગમ

48. એક શરીરને લઈને કુટીરમાં બંધ કરી દીધું અને અમે ત્યાગી થઈ ગયા. તો હું કહીશ કે આમ તો તમારા બાપ પણ ત્યાગી થઈ શકતા નથી. જો પૂછો કે કેમ ત્યાગી ન થઈ શકે ? તો કહેવું પડશે કે તમે તમારા અહમ્‌નો તો ત્યાગ કર્યો નથી. અરે ભાઈ ! ત્યાગ કરવો જ હોય તો પોતાનો ત્યાગ કરો. અને પ્રેમ કરવો હોય તો બધાંને પ્રેમ કરો. અને જો સ્વયં પોતાનો ત્યાગ નથી કરી શકતા તો તમે સંસારનો ત્યાગ પણ કદી કરી શકશો નહિ. — પ્રેરણાપથ

49. માત્ર ઘરનો ત્યાગ કરવાથી કે વસ્ત્રો રંગવા માત્રથી કોઈને યોગ-બોધ-પ્રેમની પ્રાપ્તિ થતી નથી. આ ત્યાગ નથી પણ ત્યાગના ઓઠા હેઠળ પોતાના કર્તવ્યથી પલાયન થવું છે. — સંત-ઉદ્‌બોધન

50. પ્રિય-માં-પ્રિય વસ્તુ તથા વ્યક્તિનો ત્યાગ ગાઢ નિદ્રા માટે ભલા, કોણે નથી કર્યો ? — દુઃખકા પ્રભાવ

51. ઈશ્વર, ધર્મ અને સમાજ કોઈના ઋણી રહેતા નથી. જેઓ તેમના માટે ત્યાગ કરે છે, તેમનો તેઓ અવશ્ય નિર્વાહ કરે છે. — સંત-જીવન-દર્પણ

52. ત્યાગ થઈ ગયા પછી ત્યાગનો ભાસ રહેતો નથી; કેમ કે ત્યાગની સ્મૃતિ અથવા તેનું અસ્તિત્વ ત્યાં સુધી પ્રતીત થાય છે, જ્યાં સુધી ત્યાગ થયો નથી. — સાધન-તત્ત્વ

53. આર્થિક કમી હોવા છતાં જરૂરી કાર્યો સ્વતઃ થઈ જાય છે. બુદ્ધિજન્ય વિધાનના અભાવમાં તે આપ-મેળે થઈ જશે, જે થવું જોઈએ. — પાથેય

54. ધ્યાન કોઈનું કરવાનું નથી. કોઈનું ધ્યાન નહીં કરો તો પરમાત્માનું ધ્યાન થઈ જશે અને કોઈનું ધ્યાન કરશો તો પછી તે કોઈ બીજાનું જ ધ્યાન માત્ર રહી જશે. — સંત-ઉદ્‌બોધન

55. જો પરમાત્માને માનનારાંઓને પરમાત્માની યાદ આવતી નથી, અને કરવી પડે છે– આ કોઈ ઓછા દુઃખની વાત છે ? આ ઓછા આશ્ચર્યની વાત છે ? અરે, મરી ગયેલા વૃદ્ધોની યાદ આવે છે તમને, ચાલી ગયેલા ધનની યાદ આવે છે તમને ! તો શું પરમાત્મા એટલો સસ્તો થઈ ગયો કે તેની યાદ તમારે કરવી પડે ?.... યાદ એટલે આવતી નથી કે તમે તેને પોતાનો માનતા નથી. — સંતવાણી

56. જે સમયે પોતાના દોષ દેખાઈ જાય, તો સમજી લો કે તમારા જેવું વિચારશીલ કોઈ નથી. અને જે સમયે બીજાના દોષ દેખાય, ત્યારે સમજી લો કે આપણા જેવો નાસમજ કોઈ નથી. — પ્રેરણાપથ

57. પોતાનું દોષ-દર્શન પોતાને નિર્દોષ બનાવવા સમર્થ છે અને પરદોષદર્શન પોતાને દોષી બનાવવામાં હેતુ છે. — ચિત્તશુદ્ધિ

58. ભગવાન વિરુદ્ધ જે અવાજ ઊઠે છે, તે તર્ક વિહીન હોય છે. તે અવાજ ઊઠે છે ભગવાનને માનનારાઓના દુશ્ચરિત્રથી, બીજું કોઈ કારણ નથી. ભગવાનને માનનારા જો યોગ્ય વ્યક્તિ હોય, તો ભગવાન વિરુદ્ધ કોઈ બોલી જ શકતું નથી. — સંતવાણી

59. પરમાત્માને ‘અત્યારે’ ન માનવા એ બહુ મોટી ભૂલ થશે, ‘પોતાના’ ન માનવા તેનાથી મોટી ભૂલ થશે, અને ‘પોતાનામાં’ ન માનવા એ સૌથી મોટી ભૂલ થશે. — સાધન-ત્રિવેણી

60. પ્રભુ આપણામાં છે, અત્યારે છે અને આપણા છે— આવા વિશ્વાસથી પરમાત્મા મળી જશે. — સાધન-ત્રિવેણી

61. યાદ રાખો, બીજું બધું પણ આપણું છે અને પરમાત્મા પણ આપણા છે— આ બે વાતો એક સાથે શક્ય નથી. જ્યાં સુધી આપણે બીજું કાંઈ પણ આપણું છે એવું માનીએ છીએ, ત્યાં સુધી તો માત્ર મોઢાની વાત હોવા છતાં પણ આપણે

સાચા હ્દયથી ભગવાનને પોતાના માન્યા નથી. આ જ તથ્ય છે. — સંત-ઉદ્બોધન

62. સર્વસમર્થ પરમાત્મા સાધકનો ભૂતકાળ જોતા નથી. તેની વર્તમાન વેદનાથી જ કરુણાર્દ્ર થઈને અપનાવી લે છે. — સાધન-નીધિ

63. તેઓ પોતાની વસ્તુને હમેશાં જોતા રહે છે. તેમણે ક્યારેય તમને પોતાની દૃષ્ટિથી દૂર નથી કર્યા..... સાધક ભલેને તેમને ભૂલી જાય, પરંતુ તેઓ ભૂલતા નથી...... જેની જે વસ્તુઓ છે, તેને તે જુએ જ છે, રક્ષણ કરે જ છે....... પોતાના સર્જનથી શું સર્જક અપરિચિત હોય છે ? કદીએ નહિ. — પાથેય

64. ભગવાનનું કોઈ એક ઠેકાણું નથી. એવું નથી કે સંસાર અલગ હોય, તત્ત્વજ્ઞાન અલગ હોય, ભક્તિ અલગ હોય અને ભગવાન અલગ હોય. બધું મળીને જે વસ્તુ છે, તેનું નામ ભગવાન છે. — સંત-સમાગમ

65. જે કોઈનો નથી તથા જેનું કોઈ નથી, તેના ભગવાન આપ-મેળે થઈ જાય છે; કેમ કે તેઓ અનાથ-ના-નાથ છે. — સંત-સમાગમ

66. ભગવાનના થઈને 'ભગવાનનું સ્વરૂપ કેવું છે ?' આવા પ્રશ્નનો અર્થ શો ? અંતરથી વિચારીને જુઓ, તૃષાએ કદી પૂછ્યું નથી કે, 'પાણી શું છે ?' ભૂખે કોઈને પૂછ્યું નથી કે, 'ભોજન શું છે ?' પાણી મળ્યું ને તરસ તૃપ્ત થઈ ગઈ, ભોજન મળતાં ભૂખ તૃપ્ત થઈ ગઈ. તૃપ્તિ થયા

પછી પાણી અને તૃષાની તથા ભૂખ અને ભોજનની ભિન્નતા શેષ રહેતી નથી. — સંત-સમાગમ

67. જ્યારે આપણે શરીરભાવનો અભિનય (નાટક) કરીએ છીએ, ત્યારે આપણા પ્રિય પ્રભુ વિશ્વરૂપ થઈને લીલા કરે છે. શરીર ભાવ રાખનાર ખેલાડી (પ્રાણી) એ સંસાર સિવાય કાંઈ જાણ્યું નથી....... તેથી આપણે શરીર બનીને તો માત્ર તેમને વિશ્વરૂપે જ જોઈ શકીએ છીએ.

— સંત-સમાગમ

68. ઈશ્વર માનવની સ્વાધીનતા છીનવી લેવા ઇચ્છતા નથી, તેથી માનવ જ્યાં સુધી સ્વયં પોતાની તરફથી ઈશ્વરાભિમુખ થતો નથી, ત્યાં સુધી ઈશ્વર તેની પાછળ જ રહે છે.

— સંતવાણી (પ્રશ્નોત્તર)

69. આપણે તેને પ્રાપ્ત કરવો છે કે જેનો આપણે ત્યાગ કરી જ નથી શકતા. — સંતવાણી

70. સંસાર પરમાત્માની પ્રાપ્તિમાં બાધક નથી, બલકે સહાયક છે. પરંતુ સંસારનો આપણે જે સંબંધ સ્વીકાર કરીએ છીએ, તે જ બાધક છે. — સંત-ઉદ્બોધન

71. જગતની સત્તા સ્વીકાર કરીને ભગવાનને મેળવવા ચાહો છો ? નહીં મળે. તો શું થશે ? ભગવાન આવશે, પણ તમે કહેશો કે મારી સ્ત્રી બીમાર છે, સારી થઈ જાય. તો તમે ભગવાનને પ્રાપ્ત કરવા માંગતા હતા કે સ્વસ્થ સ્ત્રીને જોવા માગતા હતા ? જરા વિચારો. — સંતવાણી

72. જો તમે ક્યારેય પણ એવો અનુભવ કરો, ક્યારેય પણ માનો કે શરીર છૂટી જશે, તો અત્યારે જ માની લો કે અત્યારે પણ અલગ છે અને એ વાતમાં વિશ્વાસ કરો કે ક્યારેક તો પરમાત્મા મળી જશે, તો અત્યારે જ માની લો કે અત્યારે પાસે જ છે, અત્યારે પણ મળેલો જ છે.
— સંતવાણી

73. પરમાત્માને તમે મળી તો શકો છો, પરંતુ શરીર દ્વારા નહિ, તમે સ્વયં દ્વારા મળી શકો છો. હા, શરીર દ્વારા પરમાત્માની સૃષ્ટિનું કાર્ય કરી શકો છો. — સંતવાણી

74. ભગવાન શું ખેતી છે કે આજે વાવો ને કાલે ઊગશે અને પરમ દિવસે મળશે ? શું ભગવાન કોઈ વૃક્ષ છે, જેને આજે રોપીશું તો બાર વર્ષે ફળ આવશે ? ભગવાન આવી વસ્તુ નથી. ભગવાન તો વર્તમાનમાં પણ જેમ-નો-તેમ હાજર છે. — સંતવાણી

75. સત્યનો રસ્તો એટલો સાંકડો છે કે તેના પર તમે એકલા જ જઈ શકો છો. તેથી ઇન્દ્રિયો, મન, બુદ્ધિ સાથે રાખવાનો મોહ છોડી દો. એમની સાથે રહીને તમે તે સાંકડા રસ્તા પર ચાલી શકશો નહિ. એકલાં હશો તો રસ્તો આપ-મેળે દેખાશે. — સંત-સમાગમ

76. જ્યારે તમે એકલાં થઈ જશો, ત્યારે ભગવાનની કૃપાથી જ ભગવાનને જાણી લેશો. અરે ભાઈ ! કોઈ પણ પોતાના પ્રેમીને કોઈની સામે મળતો નથી, તો પછી તમે શરીર વગેરે અનેક સંબંધીઓને સાથે રાખીને બેઠા છો, તમારો

પ્રેમી તમને કઈ રીતે મળી શકે ? ભગવાન કેવા છે ? જો આ જાણવું હોય તો એકલા થઈ જાઓ. — સંત-સમાગમ

77. કોઈને બોલાવશો નહિ; કેમ કે જે તમારો છે તે તમારા વિના રહી શકતો નથી અર્થાત્ પોતાના પ્રેમ-પાત્રને નિરંતર પોતાનામાં જ અનુભવ કરો..... પોતાના સિવાય પોતાના માટે પોતાનાથી ભિન્નની જરૂર નથી. — સંત-સમાગમ

78. ઈશ્વરની પ્રાપ્તિ માટે વનમાં જવાની જરૂર નથી. જે ઘરમાં આરામથી રહીને ભક્તિ કરી શકતો નથી, તે વનમાં કષ્ટો સહીને કઈ રીતે કરી શકશે ? વન તો તપ કરવા માટે જરૂરી છે. — સંત-સૌરભ

79. જેના મનમાં શરીરને જાળવી રાખવાની રુચિ છે, જે શરીરને જ પોતાનું સ્વરૂપ માને છે, તે ઈશ્વરને પ્રાપ્ત કરી શકતો નથી. — સંત-સૌરભ

80. પરમાત્મા છે, પણ ખબર નથી ક્યારે મળશે ? અરે ભલા માણસ, જ્યારે તમે કહો છો કે તે હંમેશાં છે, સર્વત્ર છે, બધાનો છે; તો ક્યારેક મળશે કે અત્યારે મળેલો છે ? કેટલા આશ્ચર્યની વાત છે ! આનાથી વધારે પાગલપણું બીજું કયું છે ? એવું વિચારવું કે ન જાણે પરમાત્મા ક્યારે મળશે ? જ્યારે કે તમે પરમાત્માથી ક્યારેય અલગ થઈ શકતા જ નથી, છો જ નહિ...... — સંતવાણી

81. જેને તમે પ્રાપ્ત કરવા ચાહો છે, તેની આવશ્યકતાનો અનુભવ કરો. તેને જબરજસ્તી પકડવાની કોશિશ ન કરો. માત્ર આવશ્યકતા અનુભવો. — સંતવાણી

82. તમે સત્ય માનો, સિદ્ધિ વર્તમાનમાં જ હોય છે. ભવિષ્યમાં કદી સિદ્ધિ હોતી નથી. ભવિષ્યમાં તો તે પ્રાપ્ત થાય છે, જે વર્તમાનમાં નથી અર્થાત્ જેની ઉત્પત્તિ થઈ હોય..... જરા વિચાર કરો, સાધ્ય તો હોય વર્તમાનમાં અને સાધક એવું માને કે મને ભવિષ્યમાં મળશે ! જરા ધ્યાન આપો, સાધ્ય તો છે વર્તમાનમાં, અને મળશે ભવિષ્યમાં !

— સંતવાણી

83. માનવને પ્રભુ દંડ આપતો નથી, વિધાન પણ માનવને દંડ આપતું નથી, તો પછી શું આપે છે ? જે પરિસ્થિતિથી તમારો વિકાસ થાય છે, તે જ પરિસ્થિતિ તમને આપે છે.

— પ્રેરણા-પથ

84. જો મનમાં એવો તર્ક થાય છે કે કોઈ વિશેષ-પરિસ્થિતિની પ્રાપ્તિથી અમે એવા થઈ જશું, જે અમે આજે નથી. પરંતુ ભાઈ તમે છો ત્યાંના ત્યાં જ રહેશો. ફરક એટલો જ પડશે કે તમે ૩/૪ ન લખીને ૭૫/૧૦૦ લખશો.

— જીવન-પથ

85. પ્રાકૃતિક નિયમ મુજબ દરેક પરિસ્થિતિ મંગલમય છે. આ ધ્રુવ સત્યના કારણે જે થઈ રહ્યું છે, તે જ બરાબર છે.

— પાથેય

86. પ્રતિકૂળ પરિસ્થિતિ ભોગમાં ભલે જ બાધક હોય પણ યોગમાં નથી. — ચિત્તશુદ્ધિ

87. એવી કોઈ અનુકૂળતા છે જ નહિ, જેણે પ્રતિકૂળતાને જન્મ ન આપ્યો હોય અને ન એવી કોઈ પ્રતિકૂળતા છે, જેમાં પ્રાણીનું હિત ન હોય. — ચિત્તશુદ્ધિ

88. જેટલા આસ્તિક હોય છે, તે પ્રત્યેક પ્રતિકૂળતામાં પોતાના પરમ પ્રેમાસ્પદની અનુકૂળતાનો અનુભવ કરે છે કે હવે મારા પ્રિયતમે પોતાના મનની ઇચ્છા મુજબ કરવાનો આરંભ કરી દીધો. હવે તેઓ મને જરૂર અપનાવશે. — સંત-સમાગમ

89. પ્રવૃત્તિ દ્વારા જે કોઈને જે કાંઈ મળે છે, તે કાળાન્તરમાં સ્વતઃ નષ્ટ થઈ જાય છે. — ચિત્તશુદ્ધિ

90. પ્રાર્થના કરવાનો અર્થ એ નથી કે તમે કહેશો ત્યારે ભગવાન સાંભળશે. પ્રાર્થનાની વાસ્તવિકતા એ છે કે પોતાની આવશ્યકતાનો યથાર્થ અનુભવ કરવો. — સંતવાણી

91. જેમ તરસ લાગવી એ જ પાણી માગવું છે, તે જ પ્રમાણે અભાવની વેદના જ પ્રાર્થના છે. — માનવકી માંગ

92. જે તમારા વિશે તમારાથી પણ વધારે જાણે છે, શું તેમને પણ કંઈ કહેવાની જરૂર છે ? — પાથેય

93. જેમ માને બાળકની બધી જરૂરિયાતોનું જ્ઞાન છે અને બાળકના કહ્યા વિના જ મા તે કરે છે, જે તેણે કરવું

જોઈએ, તે જ પ્રમાણે આનંદ ઘન ભગવાન આપણા કહ્યા વિના જ તે અવશ્ય કરે છે, જે તેમણે કરવું જોઈએ. પરંતુ આપણે તેમની આપેલી શક્તિનો સદુપયોગ કરતા નથી અને નિર્બળતા મટાડવા માટે બનાવટી પ્રાર્થના કરીએ છીએ. — સંત-સમાગમ

94. ભગવાનનો મહિમા સાંભળીને જે ઈશ્વરવાદી થાય છે, તેઓ કામી છે, પ્રેમી નથી. — જીવન-પથ

95. જ્યાં સુધી જીવતું શરીર મડદાં જેવું ન લાગે, ત્યાં સુધી પ્રેમ ઉત્પન્ન થતો નથી– એવો મારો વિશ્વાસ છે. — સંત-પત્રાવલિ

96. પોતાના પ્રિયતમનો પોતાનાથી ભિન્ન કોઈ બીજામાં અનુભવ ન કરો. — સંત-પત્રાવલિ

97. જેમના સંબંધ માત્રથી જ દેહાભિમાન ગળી જાય છે, તેમના પ્રેમની પ્રાપ્તિમાં ભલા શરીર વગેરેની શી અપેક્ષા હોય ? — સત્સંગ ઔર સાધન

98. પ્રેમ ત્યારે જ સુરક્ષિત રહી શકે છે, જ્યારે પ્રેમીમાં એવા ભાવનો ઉદય પણ ન થાય કે, હું પ્રેમી છું. કેમ કે પ્રેમ પ્રેમીને ખાઈને જ પુષ્ટ થાય છે. — જીવન-દર્શન

99. એ પ્રશ્ન નથી કે તમારા સાધ્ય કોણ છે. પ્રશ્ન એ છે કે તમારી પોતાના સાધ્યમાં પ્રિયતા છે કે નહિ. જીવનમાં કીમત પ્રિયતાની છે. — સફલતાકી કુંજી

100. ભોગી મનુષ્ય પ્રેમનો અધિકારી નથી. તે તો સેવાનો અધિકારી છે. — સંત-સૌરભ

101. જ્યાં સુધી પ્રાણીનો શરીર અને સંસારથી સંબંધ છૂટતો નથી, જ્યાં સુધી તે શરીરને 'હું' અને સંસારને પોતાનો માને છે, ત્યાં સુધી ગોપી-પ્રેમની વાત સમજાતી નથી. — સંત-સૌરભ

102. જ્યાં પ્રેમ પ્રગટ થઈ જાય છે, ત્યાં ઇન્દ્રિયોના દરવાજા બંધ થઈ જાય છે. — સંત-સૌરભ

103. જ્યાં સુધી દેહભાવ રહે છે, હું પુરુષ છું, હું સ્ત્રી છું— આવા ભાવ રહે છે, ત્યાં સુધી ગોપી-ચરિત્ર સાંભળવા અને સમજવાનો અધિકાર પ્રાપ્ત થતો નથી. પછી ગોપી-પ્રેમ શું છે— તે તો કોઈ સમજી જ કઈ રીતે શકે ? — સંત-સૌરભ

104. જે શરીરથી, ધનથી, બુદ્ધિથી તમે સંસારમાં ભલા માણસ કહેવાયા, તે જ શરીર-બુદ્ધિ વગેરેથી તમે પરમાત્માના પ્રેમી બની શકો, એ સંભવ નથી. — સંતવાણી

105. તમે તમારા નજીકના પ્રિયજનોને પૂછો કે તમે મને બહુ પ્યારા લાગો છો, પરંતુ અમારી પાસે જે વસ્તુ છે, તે અમે તમને આપી શકીએ એમ નથી, તો તમને તુરત જ જવાબ મળશે કે તમારો પ્રેમ ચૂલામાં જાય.... કેવળ પ્રિયતા-માત્રથી રીઝવામાં પ્રભુ જ સમર્થ છે..... આખા સંસારમાં તમે શોધશો તો એક પણ વ્યક્તિ તમને એવી નહીં મળે કે જે- અમે તમને અમારા પોતાના માનીએ છીએ, આટલા માત્રથી જ પ્રસન્ન થઈ જાય. — જીવન-પથ

106. આત્મીયતા તે જ કરી શકે, જે ભોગ અને મોક્ષને ફૂટબોલની જેમ ઠોકરાવી દે. મોંઘી છે તો એટલી અને સસ્તી છે તો એટલી કે ભૂલથી, વિચાર્યા વિના, સમજ્યા વિના પણ એક વાર એમ કહીને ચુપ થઈ જાય કે, 'પ્રભુ ! ખરેખર તમે સદૈવ મારા છો', 'તમે હંમેશાં મારા છો'.
— જીવન-પથ

107. મારો આ અનુભવ છે કે જો આપણે આપણી સાથે બૂરાઈ ન કરત, તો સંસારનું સામર્થ્ય નથી કે તે આપણી સાથે બૂરાઈ કરી શકે.
— પ્રેરણા-પથ

108. જ્યારે-જ્યારે હું વિચારું છું, ત્યારે-ત્યારે હું એ જ નિષ્કર્ષ પર પહોંચું છું કે, હે માનવ ! તેં તારી પોતાની સાથે જેટલી બૂરાઈ કરી છે એટલી બૂરાઈ કોઈ બીજો તારી સાથે ક્યારેય કરી જ ન શકે.
— પ્રેરણા-પથ

109. પોતાની ભલાઈનો ભાસ થઈ ગયા પછી ભલાઈ 'ભલાઈ' નથી રહેતી. ત્યારે સૂક્ષ્મરૂપે બૂરાઈનો જન્મ થઈ જાય છે.
— સંત-ઉદ્બોધન

110. આપણે કોઈ બીજા પ્રત્યે કોઈ ભલાઈ તથા બૂરાઈ કરી જ નથી શકતાં, જ્યાં સુધી પોતાને ભલા અથવા બૂરા ન બનાવી લઈએ.
— સંતવાણી

111. બૂરાઈને બૂરાઈ સમજીને ન કરવી અને ભલાઈને ભલાઈ સમજીને કરવી એ સાધન છે. પરંતુ કોઈ પણ પ્રલોભનથી પ્રેરાઈને કરેલી ભલાઈ અને કોઈ ભયથી ભયભીત થઈને ત્યાગેલી બૂરાઈ વાસ્તવમાં સાધનાના રૂપમાં અ-સાધન છે.
— સત્સંગ ઔર સાધન

112. મોટા-માં-મોટી શ્રેષ્ઠતા, અભિમાન આવતાં જ બૂરાઈમાં બદલાઈ જાય છે. — સંત-સમાગમ

113. સૌથી મોટો માણસ, જેને મહાન કે મહામાનવ કહી શકાય, કોણ છે ? જેના જીવનમાં કોઈ પ્રકારની બૂરાઈ નથી, તે સૌથી મહાન વ્યક્તિ છે. કોના જીવનમાં બૂરાઈ નથી હોતી ? જે ખરેખર ક્યારેય કોઈનાથી કશું જ ચાહતો નથી. — સંતવાણી

114. સંસારનો ભય ત્યાં સુધી જ અસ્તિત્વ ધરાવે છે, જ્યાં સુધી પોતાની પૂર્તિ માટે સંસારની આવશ્યકતા હોય છે.

— સંત-સમાગમ

115. દેહાભિમાનમાં જ બધા ભયો રહેલા છે. — સાધન-તત્ત્વ

116. ખાદ્ય પદાર્થોમાં થોડી વસ્તુઓ એવી હોઈ શકે છે, જે સ્થૂળ શરીર માટે તો ઉપયોગી હોય, પરંતુ સૂક્ષ્મ શરીર માટે નુકસાન કરનારી હોય..... તેથી આહારનો સંબંધ માત્ર શરીરનાં અંગોને હૃષ્ટ-પુષ્ટ કરવાનો નથી, બલકે ઇન્દ્રિયો, મન, બુદ્ધિ વગેરેને સ્વસ્થ રાખવાનો પણ છે. તે ત્યારે શક્ય બનશે, જ્યારે તે આહાર કે જે સૂક્ષ્મ શરીર માટે હિતકારક નથી, તેનો ત્યાગ કરી દેવામાં આવે. ક્ષોભ, અસહનશીલતા વગેરે દોષોનો સંબંધ સૂક્ષ્મ શરીરના અસ્વસ્થ થવા સાથે જ છે. — માનવતા કે મૂલ સિદ્ધાંત

117. જ્યાં સુધી આપણે જગતમાં પ્રભુનાં દર્શન નથી કરી શકતાં અથવા એમ કહો કે પ્રત્યેક વસ્તુમાં પ્રભુનાં દર્શન નથી કરી શકતાં, ત્યાં સુધી મન સતત ભગવાનમાં લાગી જાય એ કદીયે શક્ય નથી. — સંતવાણી

118. મનમાં કોઈ ખરાબી હોતી જ નથી, પોતાની ખરાબીને ઠીક કરો, મન ઠીક થઈ જશે. — સંત-ઉદ્બોધન

119. વધારે કાર્યના બોજાનો સ્વાસ્થ્ય ઉપર પ્રભાવ પડી શકે છે, પરંતુ માનસિક સ્થિતિમાં કોઈ વિકૃતિ ન થવી જોઈએ. માનસિક વિકૃતિનું મૂળ કારણ પરાધીનતા છે અર્થાત્ જેની પ્રસન્નતા કોઈ બીજા પર નિર્ભર થઈ જાય છે, તેના જ મનની સ્થિતિમાં ક્ષોભ ઉત્પન્ન થઈ જાય છે, જેના કારણે માનસિક સંતુલત રહેતું નથી અને પછી મસ્તિષ્કમાં અનેક વિચારો આવ્યા કરે છે. — પાથેય

120. મનુષ્ય સ્વયં અલગ રહીને પોતાનાં મન, બુદ્ધિ અને ઇન્દ્રિયોને ભગવાનમાં લગાડવા ઇચ્છે છે, મૂળ ભૂલ અહીંથી જ થાય છે. — સંતવાણી (પ્રશ્નોત્તર)

121. સંસારના સંબંધનો જે પ્રભાવ છે, સાચું પૂછો તો તેનું નામ જ મન છે. મન કોઈ સ્વતંત્ર વસ્તુ નથી. — સંતવાણી

122. મનને જ્યાં લગાવવા ચાહતા હો, તેને પસંદ કરી લો અને જ્યાંથી હઠાવવા ઇચ્છતાં હો, તેને નાપસંદ કરી દો. મનની ચંચળતા ત્યારે જણાય છે કે જ્યારે આપણે પસંદ તો સંસારને કરીએ છીએ અને મનને ભગવાનમાં લગાવવા ઇચ્છીએ છીએ. — સંતવાણી (પ્રશ્નોત્તર)

123. વાસ્તવમાં તો ભલાઈ કે બૂરાઈ કર્તામાં હોય છે, કરણમાં નથી હોતી. જ્યારે કરણમાં નથી હોતી તો મન કર્તા છે જ નહીં, એ તો કરણ છે. જ્યારે મન કર્તા છે જ નહીં,

ત્યારે હું અને તમે કયા આધારે, કઈ ઈમાનદારીથી આપણાં મનને ભલું અને બૂરું કહીએ છીએ ? આપણે ભલા હોઈએ તો મન ભલું હોય છે, આપણે બૂરા હોઈએ તો મન બૂરું હોય છે. — સંતવાણી

124. કોઈને ભલો અથવા બૂરો માનીને તેની મમતા મટાડવી શક્ય નથી. મમતા તેની છૂટી શકે છે, જે કોઈને ભલો કે બૂરો ન માને. કોઈને ભલો-બૂરો સમજવો એ તેની સાથે સંબંધ જોડવો છે. — દર્શન ઔર નીતિ

125. જે વસ્તુમાં મમતા રહેતી નથી, તે અનંતને સમર્પિત થઈ જાય છે. એ નિયમ છે કે જે વસ્તુ અનંતને સમર્પિત થઈ જાય છે, તે અનંતની કૃપા-શક્તિથી સ્વતઃ શુદ્ધ થઈ જાય છે. — ચિત્તશુદ્ધિ

126. આજે લોકો શું કહે છે ? મમતા કઈ રીતે છૂટશે, કામના કઈ રીતે મટશે ? અરે... મમતા જો આપમેળે છૂટી જાત તો થાત જ શું કામ ? જે વસ્તુ તમે બનાવી છે, તેને બીજું કોઈ મિટાવી શકતું નથી. — સંતવાણી

127. જે થાય છે, તેને મુક્તિ થોડી કહે છે, જે છે, એને મુક્તિ કહે છે. — સંત-ઉદ્‌બોધન

128. જે વસ્તુ જે કામ માટે હોય છે, તેના માટે તે કામ કઠિન હોતું નથી. આ મનુષ્ય જન્મ કેવળ જીવના કલ્યાણ માટે જ મળે છે. તેથી તેને પ્રાપ્ત કરીને કલ્યાણ-પ્રાપ્તિને કઠિન છે એવું માનવું એ બહુ મોટી ભૂલ છે. — સંત-ઉદ્‌બોધન

129. મારા જીવનની અંતિમ અનુભૂતિ છે કે શ્રમ વિના, વસ્તુ વિના, સાથી વિના, આપણને સૌને સિદ્ધિ મળી શકે છે.

— સંતવાણી

130. ઇચ્છાઓ રહેતાં પ્રાણ છૂટી જાય તો 'મૃત્યુ' થઈ ગયું, ફરી જન્મ લેવો પડશે અને પ્રાણ રહેતાં ઇચ્છાઓ જતી રહે, તો 'મુક્તિ' થઈ ગઈ. જેમ બજારમાં ગયા પણ પૈસા સમાપ્ત થઈ ગયા અને જરૂરિયાત બાકી રહી છે તો પાછું બજાર જવું પડશે અને જો પૈસા છે પરંતુ જરૂરિયાત સમાપ્ત થઈ જાય તો પાછું બજારમાં શું કામ જવું પડે ?

— સંતવાણી (પ્રશ્નોત્તર)

131. જે જીવનમાં મુક્ત થતો નથી, તે મર્યા પછી પણ મુક્ત થતો નથી અને જે એવું માને છે કે 'મુક્તિ હમણાં નથી મળી પણ મર્યા પછી મળશે', તે પોતાને છેતરે છે.

— સંતવાણી

132. જ્યાં સુધી મારા વિશ્વાસની વાત છે, તે એ છે કે મરવામાં કોઈ કષ્ટ થતું નથી. કષ્ટ જે થાય છે તે એ વાતનું થાય છે કે આપણે જીવવા માંગીએ છીએ અને મરવું પડે છે..... જો આપણે જીવવાની ઇચ્છા ન રાખીએ તો મરવામાં કોઈ કષ્ટ નથી.

— સંતવાણી

133. ભોગ-બુદ્ધિનો અંત થતાં જ યોગ વિના પ્રયત્ને જ થઈ જાય છે.

— સંત-સમાગમ

134. સ્વપ્નની ઘટના સ્વપ્નકાળમાં જાગ્રત જેવી જ સત્ય છે અને જાગ્રતમાં ભૂતકાળની ઘટનાઓ વર્તમાનમાં સ્વપ્ન જેવી જ

મિથ્યા છે. આ દષ્ટિથી સ્વપ્ન અને જાગ્રતની ઘટનાઓ સમાન અર્થ ધરાવે છે; પરંતુ પ્રાણી જાગ્રતની ઘટનાને સત્ય માનીને તેના રાગ-દ્વેષથી બંધાઈને ચિત્તને અશુદ્ધ કરી લે છે.

— ચિત્તશુદ્ધિ

135. શરીરનું પૂર્ણ સ્વસ્થ હોવું શરીરના સ્વભાવથી વિપરીત છે; કેમ કે જે રીતે દિવસ અને રાત્રી બન્નેથી જ કાળની સુંદરતા હોય છે, એ જ પ્રમાણે રોગ અને આરોગ્ય બન્નેથી જ શરીરની વાસ્તવિકતા પ્રકાશિત થાય છે.— સંત-સમાગમ

136. રોગ નિવૃત્તિનો એક સર્વોત્તમ ઉપાય એ પણ છે કે જો રોગી રોગી-ભાવનો સદ્ભાવ પોતાનામાંથી કાઢી નાંખે તો પછી રોગ બિચારો નિર્જીવ થઈ જાય છે, કેમ કે 'હું'ની સત્તાથી બધી સત્તાઓ પ્રકાશિત થાય છે....... સદ્ભાવથી પ્રતીતિમાં સત્યતા આવી જાય છે, જે દુઃખનું મૂળ છે.

— સંત-સમાગમ

137. રોગ એ જ છે કે 'હું રોગી છું'. દવા એ જ છે કે 'હું સદા સ્વસ્થ છું'. કેમ કે સ્વસ્થતા સાથે જાતીય એકતા છે....... જો એક વાર પણ પોતાની સંપૂર્ણ શક્તિથી એવો નિશ્ચય કરી દો કે 'હું નીરોગી છું' તો રોગ ભાગી જશે.

— સંત-સમાગમ

138. જ્યારે સાધક પોતાના લક્ષ્યને પ્રાપ્ત વસ્તુ, યોગ્યતા, સામર્થ્ય દ્વારા પ્રાપ્ત કરવા ચાહે છે, જે તેને વિશ્વની સેવા માટે મળેલ છે, ત્યારે લક્ષ્યથી દૂરી, ભેદ, ભિન્નતા પ્રતીત થાય છે.

— સાધન-નીધિ

139. વસ્તુઓ તો આપણો ત્યાગ કરી જ રહી છે, જો આપણે પણ તેમનો ત્યાગ કરી દઈએ તો તે આપણી પ્રશંસા કરશે. તે ગભરાય છે, બહુ દુઃખી થાય છે પરિગ્રહથી, દુરુપયોગ કરનારાઓથી અને તેનાથી પણ કે જે તેમના પર મમતાનો પથ્થર મૂકી દે છે. તે પ્રસન્ન થાય છે તેનાથી, જે ન તેમની સાથે મમતા કરે છે, ન તેમનો સંગ્રહ કરે છે અને ન દુરુપયોગ. તેમની પ્રસન્નતાની ઓળખ એ છે કે, પછી તમારા માટે જરૂરી વસ્તુઓ આપ મેળે આવવા લાગે છે, જીવનમાંથી દરિદ્રતા હંમેશને માટે ચાલી જાય છે. — સફલતાકી કુંજી

140. વિવેકના પ્રકાશને જ જ્યારે કોઈ ખાસ ભાષા-લિપિમાં બાંધી દઈએ છીએ, તો તે 'ગ્રંથ' કહેવાય છે અને જ્યારે તે વિવેકના પ્રકાશને કોઈના જીવનમાં જોઈએ છીએ તો તેને 'સંત' કહીએ છીએ. — માનવકી માંગ

141. જોયેલામાં વિશ્વાસ અને જોયું નથી તેના પર વિચાર કરવો વિશ્વાસ અને વિચારનો દુરુપયોગ છે. — માનવ-દર્શન

142. તમને જે વ્યક્તિ મળી છે, તે વિશ્વાસ કરવા માટે નહીં, સેવા કરવા માટે મળી છે. તમને જે વસ્તુઓ મળી છે, તે સંગ્રહ કરવા માટે અથવા વિશ્વાસ કરવા માટે નહિ, સદુપયોગ કરવા માટે મળી છે. — માનવકી માંગ

143. અમે અમારા માટે આમ કરીશું, એનાથી અમને કંઈક મળશે, અમને જગતમાંથી કંઈક મળશે, અમને પ્રભુ પાસેથી કંઈક મળશે. તો જ્યાં સુધી આવી વાતો જીવનમાં રહે છે ત્યાં સુધી વિશ્રામ (શાન્તિ) મળતો નથી. — જીવન-પથ

144. શરણાગત થવામાં જ સાધકના પુરુષાર્થની સાર્થકતા છે.
— પાથેય

145. જે સાચા દિલથી પ્રભુનાં શરણાગત થઈ જાય છે, તેમને જરૂરી વસ્તુઓ માગ્યા વિના જ મળી જાય છે, અને બિનજરૂરી (વસ્તુઓ) માગવા છતાં નથી મળતી.
— સંત-સમાગમ

146. આપણે પોતાના શરીરને પોતાનું માનીએ છીએ અને ઘણું મહત્ત્વ આપીએ છીએ, તેથી સંસાર તેને મહત્ત્વ આપતો નથી. એક સંપત્તિના બે માલિક ન હોઈ શકે. જે વસ્તુ પ્રભુની થઈ જાય છે, તેની વ્યવસ્થા આપ-મેળે થઈ જાય છે.
— સંતવાણી (પ્રશ્નોત્તર)

147. પરમાત્માને પ્રાપ્ત કરવા માટે તમારે કોઈ સામગ્રીની જરૂર નથી. જ્યારે કોઈ સામગ્રી નથી જોઈતી ત્યારે શરીરનું શું અથાણું કરશો ? એ પરમાત્માની પ્રાપ્તિમાં તો કામ આવશે નહીં, તેથી શરીર દ્વારા પરમાત્માના સંસારની સેવા કરી દો.
— સાધન-ત્રિવેણી

148. સાધકોને વાસ્તવમાં પોતાના માટે કોઈ પણ કાળે શરીરની આવશ્યકતા નથી.
— સંત-ઉદ્બોધન

149. કોઈને કોઈ પૂછે કે તમે લોહીમાં, હાકડાંઓમાં, માંસમાં, મજ્જામાં, મૂત્રમાં રહેવા ઇચ્છો છો ? તો બધા વિચારશીલ એ જ કહેશે કે નથી રહેવા માંગતા. કારણ કે મલીનતા કોઈને પ્રિય નથી. હવે આપણે પોતે જ વિચારીએ કે દેહમાં મલીનતા સિવાય બીજું શું છે ? તો માનવું પડશે કે કંઈ જ નથી.
— માનવકી માંગ

150. જ્યાં શરીર છે, ત્યાં મૃત્યુ છે. — માનવકી માંગ

151. જો કોઈને પૂછવામાં આવે કે સોનાના કળશમાં મળ-મૂત્ર વગેરે ભરીને અને રેશમી કપડું ઢાંકીને શું તેને પોતાની પાસે રાખવાનું પસંદ કરશો ? તો બધાં જ ભાઈ-બહેન કહેશે ના. પછી આપણે શરીરને સુંદર-સુંદર અલંકારો અને વસ્ત્રોથી શરણગારીએ છીએ શા માટે ? તો કહેવું પડશે બુદ્ધિજન્ય જ્ઞાનના નિરાદરથી. — માનવકી માંગ

152. જેમ સંસાર મારાથી અલગ છે, જેટલો દૂર છે, તેટલું જ આ શરીર પણ મારાથી દૂર છે. જેમ સંસાર પર મારો સ્વતંત્ર અધિકાર નથી, એવી જ રીતે મારા શરીર પર પણ મારો સ્વતંત્ર અધિકાર નથી...... ઈમાનદારીની વાત તો એ છે કે શરીર અને સંસારનું તમારી સાથે કદી મિલન થયું જ નથી. — સંતવાણી

153. શરીર વિના સાધક અચાહ થઈ શકે છે; પ્રભુ સાથે આત્મીય સંબંધ જોડી શકે છે; કરેલી અને જાણેલી બૂરાઈથી છૂટવાનું વ્રત લઈ શકે છે; પ્રભુ-વિશ્વાસના આધારે અભય થઈ શકે છે. પ્રભુ-પ્રેમથી સાધક પ્રભુ માટે ઉપયોગી થઈ શકે છે. — પાથેય

154. આપણે શરીરમાં બેઠા છીએ, આ મહાપાગલપણ છે. શરીર નહીં રહે તો હું નહીં રહું— આવું માનવું બહુ ભારે પાગલપણ છે. — સંતવાણી

155. જે માણસ પોતાના શરીરથી સંબંધ તોડી શકતો નથી, તે સંસારથી પણ તોડી શકતો નથી. સંબંધ રાખીને જો તે

હિમાલય પર ચાલ્યો જાય તો પણ તેનું ચિત્ત શાંત અને શુદ્ધ થઈ શકતું નથી. — સંત-સૌરભ

156. ભણેલો-ગણેલો ભ્રમમાં ત્યારે પડે છે, જ્યારે પોતાની વાત માનતો નથી. ભણતર-ગણતર તો એક પ્રકારની યોગ્યતા છે. યોગ્યતા જ્યારે જ્ઞાનને આધીન નથી રહેતી, તો મોટા-મોટા અનર્થ કરી નાંખે છે. સમાજમાં જેટલા દોષ ભણેલા-ગણેલાઓએ ફેલાવ્યા, તેટલા કોઈએ ફેલાવ્યા નથી. — સંતવાણી (પ્રશ્નોત્તરી)

157. શિક્ષિત હોવાની કસોટી શું છે ? તો કહેવું પડશે કે જ્ઞાન-વિજ્ઞાન, કલા વગેરે દ્વારા આપણે પોતાને એટલાં સુંદર બનાવીએ કે સમાજને આપણી આવશ્યકતા સમજાવા લાગે. — માનવકી માંગ

158. હિંસાત્મક યુદ્ધ કોઈ રીતે વિજય પ્રાપ્ત કરી શકતું નથી; કેમ કે શરીરરૂપી ક્ષેત્રને તોડી નાખવાથી વિચારોનો પ્રવાહ મિટાવી શકાતો નથી. તેથી હિંસાત્મક યુદ્ધથી આજે જે રાષ્ટ્ર છિન્ન-ભિન્ન દેખાય છે, તે જ કાળાન્તરે ઘોર પ્રબળતાપૂર્વક ફરી યુદ્ધ કરવા માટે સમર્થ બને છે; કેમ કે તેની યુદ્ધની ભાવના નષ્ટ થઈ ન હતી. મરનાર પ્રાણી ફરી મારવા માટે પ્રકૃતિ માતાથી શક્તિ લઈને ઉત્પન્ન થાય છે. — સંત-સમાગમ

159. દુઃખી લોકોનાં શરીર વગેરે છિન્ન-ભિન્ન કરી દેવાથી તેમનો અંત થઈ જતો નથી; કેમ કે સૂક્ષ્મ તથા કારણ શરીર બાકી રહે છે. જો આપણે કોઈના સ્થૂળ શરીરનો નાશ પણ કરી દઈએ તો પણ તે પ્રાણી જે ભાવને લઈને સ્થૂળ શરીરનો ત્યાગ કરે છે, તે જ ભાવનાને અનુરૂપ પ્રકૃતિ માતાથી

અથવા એમ કહો કે જગત-કારણથી શક્તિ સંચય કરીને, આપણાથી વધારે શક્તિશાળી થઈને આપણો વિરોધ કરવા માટે આપણી સામે આવી જાય છે. — સંત-સમાગમ

160. સંસારની જરૂરત તમને ન રહે અને સંસાર તમારી જરૂરતનો અનુભવ કરે– આ છે જીવનનો શુદ્ધ ભૌતિકવાદ. આને કહે છે દુનિયામાં રહેવાનો સાચો ઢંગ. — સાધન-ત્રિવેણી

161. કોઈની ભૂલ જોવા માટે પણ જોનારે સ્વયંને ભૂલવું પડે છે; કેમ કે જ્યાં સુધી તે પોતાનામાં શરીરભાવ ધારણ નથી કરતો, ત્યાં સુધી સંસાર દેખાઈ શકતો નથી, એવો મારો અનુભવ છે. — સંત-પત્રાવલિ

162. સંસાર દુ:ખદ નથી, સંસારનો સંબંધ દુ:ખદ છે.— સંતવાણી

163. જ્યારે તમે કોઈ કામના પૂરી કરવા ઇચ્છો છો, ત્યારે તમને સંસારનો ભાસ થાય છે. તમે કંઈ ન ઇચ્છો, સંસાર તમને મોઢું નહિ દેખાડે. — સંતવાણી

164. શરીર, ઇન્દ્રિય, મન, બુદ્ધિ વગેરે દ્વારા સત્સંગ થતો નથી. પોતાના દ્વારા જ સત્સંગ કરવાનો છે; કારણ કે સત્સંગની માંગ આપણામાં જ છે. શરીરના સંબંધથી તો મમતા, કામના વગેરે વિકારોની ઉત્પત્તિ થાય છે. — સંતવાણી

165. સત્સંગનો અર્થ આ વ્યાખ્યાન સાભળવું નથી. આ તો સત્-ચર્ચા છે. વિચારવું – સમજવું – આ સત્ચિંતન છે. સત્સંગ છે– સત્યનો સ્વીકાર કરી લેવો. 'મારું કંઈ જ નથી' – આ સત્ય છે. 'મારે કંઈ જોઈતું નથી'– આ સત્ય છે. — સંતવાણી

166. સમસ્ત જગત મળીને પણ સાધકની વાસ્તવિક માંગને પૂરી કરી શકતું નથી. આ દૃષ્ટિએ સાધકનું મૂલ્ય સૃષ્ટિથી વધારે છે. — સાધન નિધિ

167. જે કોઈના માટે પણ અનુપયોગી હોય છે, તે સાધક નથી. — સાધન નિધિ

168. સાધક મહાનુભાવ વ્યક્તિગત સાધનાને સામૂહિક સાધના બનાવવાનો પ્રયાસ ન કરે કે ન તેનું પ્રદર્શન કરે. — સંત-પત્રાવલિ

169. શરીરની અસંગતામાં જ પ્રેમાસ્પદની આત્મીયતાપૂર્વક અભિન્નતા રહેલી છે. આ દૃષ્ટિથી અસંગ થવું દરેક સાધક માટે અનિવાર્ય છે. — પાથેય

170. જે કોઈની પાસેથી કંઈ પણ પ્રાપ્ત કરવાની આશા કરે છે, તે સાધક નથી, બલકે ભોગી છે. — ચિત્તશુદ્ધિ

171. શરીર વગેરેની માત્ર સ્મૃતિ પણ સાધક માટે અસહ્ય છે, તો પછી તેનામાં વિશેષતાની અભિરુચિ રાખવી એ આસક્તિ સિવાય બીજું શું છે ? — સત્સંગ ઔર સાધક

172. જે પોતાના સુખ માટે તપ કરે છે, જે પોતાના સુખ માટે જપ કરે છે તેની ગણતરી, માફ કરજો, હિરણ્યકશિપુની સાથે થાય છે.... પોતાના સુખ માટે કરેલું ભજન, પોતાના સુખ માટે કરેલું તપ, પોતાના સુખ માટે કરેલું દાન, એ રાક્ષસી સ્વભાવ છે— એ માનવી-સ્વભાવ નથી. — સંતવાણી

173. આજકાલ લોકો સાધન તો કરતા નથી અને સાધનનું ફળ લેવા ઇચ્છે છે, ત્યારે તેમને સફળતા કઈ રીતે મળે ? દરેક માણસ વિચારે છે કે સાધન કરીને યોગ્યતા

તો બીજો પ્રાપ્ત કરી લે અને અમને આશીર્વાદ આપી દે, જેથી અમને તેનું સુખ મળી જાય.... સાધનની સફળતા માટે સાધકે સ્વયં સાધન કરવું પડશે. — સંત-સૌરભ

174. કારણનો નાશ થઈ જવા છતાં પણ કાર્યની પ્રતીતિ થાય છે. જેમ વૃક્ષનું મૂળ કપાઈ ગયા પછી પણ, તેની હરિયાળી થોડો સમય દેખાય છે, તે જ પ્રમાણે અસતનો ત્યાગ કર્યા પછી પણ અસતના સંગના પ્રભાવને થોડો સમય સાધક પોતાના શરીર, ઈન્દ્રિય, મન, બુદ્ધિ વગેરેમાં જુએ છે અને ભયભીત થઈ જાય છે. એટલું જ નહીં, પોતે કરેલા અસતના ત્યાગમાં પણ વિકલ્પ કરી બેસે છે. અસતનો ત્યાગ વર્તમાનની વસ્તુ છે, પરંતુ તેનો પ્રભાવ નષ્ટ થવામાં સમય લાગે છે. પોતાના નિર્ણયમાં વિકલ્પ કરવો એ પણ અસતનો જ સંગ છે. જ્યારે સાધક સાવધાનીપૂર્વક પોતાના નિર્ણયમાં વિકલ્પ કરતો નથી, ત્યારે આપ-મેળે અસતના સંગનો પ્રભાવ નષ્ટ થઈ જાય છે. — સત્સંગ અને સાધન

175. જ્યાં સુધી તમે જગતની સત્તાનો સ્વીકાર કરો છો, ત્યાં સુધી તમે સાધનનો આરંભ કરી શકો છો– ભૌતિક દર્શનનાં દષ્ટિકોણથી અને જ્યારે તમે જગતની સત્તાનો અસ્વીકાર કરો છો, ત્યારે તમે સાધન કરી શકો છો– અધ્યાત્મ દર્શનનાં દષ્ટિકોણથી. જ્યારે તમે પ્રભુની સત્તાનો સ્વીકાર કરો છો, ત્યારે તમે સાધન કરી શકો છો આસ્તિક દર્શનનાં દષ્ટિકોણથી. આજે દશા કેવી છે ? કે સત્તા સ્વીકાર કરો છો જગતની અને પ્રાપ્ત કરવા માગો છો ભગવાનને.

— સંતવાણી

176. સાધનમાં મુશ્કેલી છે ક્યાં ? મુશ્કેલી જ્યાં તમને લાગે તો સમજી લેવું કે આપણે પોતાના મનની કોઈ વાત પૂરી કરવા માગીએ છીએ, તેથી મુશ્કેલી છે. — સંતવાણી

177. ભોજન પ્રાપ્ત કરવામાં તમે પૂરી શક્તિ લગાડી શકો છો અને સત્યની શોધમાં તમે વિચારો છો— કોઈ સહેલો રસ્તો બતાવો, કોઈ સુલભ સાધન બતાવો. હું તમને પૂછું છું કે ભોજન માટે જેટલો શ્રમ કરી શકો છો તેટલો સત્યની શોધ માટે કેમ નથી કરી શકતા ? — સંતવાણી

178. જે સત્ય કોઈ આચાર્ય, પીર, પૈગમ્બરને મળ્યું, તે સત્ય તો તમને મળી શકે છે; પરંતુ જે રીતે તેમને મળ્યું, તે જ રીતે તમને મળી જશે– આ વાત ખોટી છે. — પ્રેરણા-પથ

179. જો સાધન છે તો દરેક પ્રવૃત્તિ સાધન છે; અન્યથા ભાઈ, જ્યાં સુધી કોઈ પ્રવૃત્તિ-વિશેષનું નામ સાધન છે અને કોઈ પ્રવૃત્તિ-વિશેષનું નામ અસાધન છે, ત્યાં સુધી બધું જ અસાધન છે. — જીવન-પથ

180. દુઃખની વાત તો એ છે કે જે આપણે પોતાના દ્વારા કરી શકીએ છીએ, તે કરતા નથી અને જે શરીર દ્વારા કરી શકીએ છીએ તેને જ કરવાની કોશિશ કરીએ છીએ.— સંત-ઉદ્બોધન

181. તમે સ્વીકાર કરી લો કે, 'પ્રભુ મારા છે'. આનાથી જીવન પ્રભુ માટે ઉપયોગી સિદ્ધ થઈ જશે. સેવાનું વ્રત લઈ લો, તો જીવન જગત માટે ઉપયોગી થઈ જશે. અકિંચન અને અચાહ થવાથી જીવન પોતાના માટે ઉપયોગી થઈ જશે. જો તમે આ ત્રણમાંથી કોઈનો પણ સ્વીકાર નથી કરતા,

તો અનંત જન્મો સુધી તમારી પાસે કોઈ સાધન કરાવી શકશે નહિ. — સંત-ઉદ્બોધન

182. જો ભક્તિ કરીને ભગવાન પાસે આપણે ધન-સંતાન વગેરે કંઈક માંગીએ છીએ, તો આપણું સાધ્ય તો તે આપણી ઇચ્છિત વસ્તુ જ થઈ, ભગવાન તો તેની પ્રાપ્તિના સાધન થયા. — સંત-ઉદ્બોધન

183. પ્રભુનું નામ, પ્રભુનું કામ, પ્રભુનું ધ્યાન, બધાંનો સમાન જ અર્થ છે. — પાથેય

184. સાધન બોજ નથી. આજે સાધકને એવું લાગે છે કે, જેમ કોઈ માણસ ભોજન કરીને નિશ્ચિંત થઈને ઊઠે છે, તેમ જ્યારે તે ધ્યાનમાંથી ઊઠે છે, તો તેને વિશ્રામ મળે છે અર્થાત્ જ્યારે તે ધ્યાનમાં હતો, ત્યારે તેને વિશ્રામ ન હતો ! તો શું આ પણ સાધન છે કે ધ્યાનકાળમાં વિશ્રામ ન મળે ? — સફલતાકી કુંજી

185. જેવી રીતે પ્રાણ વિનાનું શરીર ગમે તેટલું સુંદર કેમ ન હોય, બેકાર હોય છે. તે જ પ્રમાણે વ્યાકુળતારહિત સાધન ગમે તેટલું ઉત્તમ કેમ ન હોય, બેકાર થઈ જાય છે.

— સંત-સમાગમ

186. ભગવાન તરફ મન લગાડીને કામ કરવું એટલું શ્રેષ્ઠ નથી, જેટલું શ્રેષ્ઠ કામને ભગવાનનું સમજીને કરવું.

— સંત-સમાગમ

187. બહારનાં સાધનોમાં પોતાને બહુ ફસાવશો નહિ, જ્યાં સુધી શક્ય હોય, હૃદયથી પ્રેમપાત્રને પોકારો.

— સંત-સમાગમ

188. જે પ્રાણી બહારનાં સાધનોમાં પોતાને વધારે બાંધી લે છે, તેનામાં સાધનનું મિથ્યા અભિમાન આવી જાય છે. બાહરી સાધન નિર્બળતાઓને ઢાંકી દે છે, મિટાવી શકતાં નથી. ..... ગુપ્ત સાધન બાહરી સાધનોથી બહુ વધારે સબળ હોય છે. ગુપ્ત ત્યાગ તથા પ્રેમનો વિશેષ પ્રભાવ હોય છે, ગુપ્ત રહેલી પ્રીતિ સાચી વ્યાકુળતા ઉત્પન્ન કરે છે, જે વાસ્તવમાં સાચી ભક્તિ છે. કોઈએ પણ કીમતી વસ્તુઓનું પ્રદર્શનકર્યું નથી, બધાં છુપાવીને જ રાખે છે. તેથી પ્રીતિ જેવી અમૂલ્ય વસ્તુને હૃદયમાં છુપાવીને રાખવી જોઈએ.

— સંત-સમાગમ

189. સાધન કોઈ એવું કાર્ય નથી, જેમાં ક્યારેય ન કરવાની વાત આવે. સાધન તે જ છે જે સ્વભાવથી જ નિરંતર થતું રહે. જો સાધનમાં વિઘ્ન આવે તો સમજવું જોઈએ કે સાધન વેશમાં કોઈ અસાધનને અપનાવ્યું છે. — સાધન-તત્ત્વ

190. જે સાધન જીવનના કોઈ એક અંશમાં પ્રતીત થતું હોય, તે વાસ્તવમાં સાધનના વેશમાં અસાધન જ છે; કેમ કે સાધકનું સંપૂર્ણ જીવન સાધન છે. — સાધન-તત્ત્વ

191. કામના માટે ઈશ્વરનું જે ભજન-ચિંતન કરવામાં આવે છે, તે કામના-પૂર્તિ થઈ જતાં યા ન થતાં ઈશ્વરથી વિમુખતા કરાવે છે. — સંત-સૌરભ

192. તમે સાંભળવાનું અને શીખવાનું બંધ કરો અને જાણવાનું અને માનવાનું શરૂ કરો, તો કામ બની જશે. જાણવાનું એટલું જ કે 'મારું કંઈ છે નહીં'— આ સિવાય બીજું કશું જાણવાનું નથી અને માનવાનું એટલું જ કે પરમાત્મા સિવાય કોઈને માનતો નથી. — સંત-ઉદ્‌બોધન

193. જો તમે એવું માનો છો કે સિદ્ધિ (વર્તમાનમાં) થઈ શકતી નથી, તો સાધન કરવાનું શા માટે વિચારો છો ? તમે કહેશો કે સાધન કરવાનું તો એટલા માટે વિચારીએ છીએ કે સમય જતાં, જન્મ-જન્માંતરમાં સિદ્ધિ મળશે. આનો અર્થ એ થયો કે અત્યારે અમે અસાધન દ્વારા મળતું સુખ ભોગવવા ચાહીએ છીએ. — સંતવાણી

194. તમે દશાથી (પોતાની હાલની પરિસ્થિતિથી) પરિચિત થતા નથી. જરૂરિયાતથી પરિચિત થતા નથી અને સાધનથી પરિચિત થવા ચાહો છો. જો સાધન તમારી જરૂરિયાત મુજબનું નહીં હોય, જે જરૂરિયાત તમારી વર્તમાન સ્થિતિમાંથી નહીં નીકળે, તે તમારા જીવનમાં કેવી રીતે ટકશે ! તરસ્યા માણસને પાણીની વાત સાંભળવા મળે તો તે તુરત પકડી લે છે; કેમ કે તરસ લાગી છે, તેને જરૂરત છે. પહેલાં તમે તમારી વર્તમાન સ્થિતિ જુઓ, શી છે ? પછી પોતાની જરૂરિયાત જુઓ, શી છે ? પછી ઉપાય પૂછો પોતાની જરૂરિયાતને સામે રાખીને, તો જરૂરિયાતનો અનુભવ થવો એ જ એક બહુ મોટો ઉપાય બની જશે.

— સંત-ઉદ્બોધન

195. વ્યથિત હૃદયે એટલું જ કહી દો કે હે પ્યારે ! અમે તમને પોતાના માનવા ઇચ્છીએ છીએ, પરંતુ માની શકતા નથી; અમે મમતા તોડવા ઇચ્છીએ છીએ, પરંતુ તોડી શકતા નથી. વ્યથિત હૃદયે આટલું કહીને મૌન થઈ જાઓ. તમને ખબર જ નહીં પડે કે મમતા ક્યારે તૂટી ગઈ અને આત્મીયતા કઈ રીતે થઈ ગઈ. કેમ ? જે તમે કરવા ચાહો છો અને કરી શકતાં નથી, તો જે ચાહો છો એ જ કરવાનું છે, બીજું કાંઈ નથી કરવાનું. — જીવન-પથ

196. સુખ જાય જ છે અને દુઃખ આવે જ છે. આ વિધાનમાં મનુષ્યનું અમંગળ નથી, બલકે મંગળ જ છે.— જીવન-પથ

197. બધાં કામોના અંતે સૂતી વખતે અને સૂઈને ઊઠતી વખતે તથા જે કંઈ કામ કરો, તેના અંતમાં ભજન જરૂર કરવું જોઈએ. જે મનુષ્ય દરેક કામના અંતે ઓછા-માં-ઓછું એકવાર પણ નિશ્ચિતરૂપે ભગવાનને યાદ કરી લે છે, તેને મૃત્યુ સમયે ભગવાન જરૂર યાદ આવી જશે.

— સંત-સૌરભ

198. આ નિયમ છે કે જે મુશ્કેલીને શાંતિપૂર્વક સહી લેવામાં આવે છે, તે મુશ્કેલીનો આપમેળે ઉકેલ આવી જાય છે. શાંતિપૂર્વક સહન કરવાનો અર્થ છે, પોતાના દુઃખનું કારણ કોઈ બીજાને ન માનતાં, દુઃખને સહી લેવું. — માનવકી માંગ

199. એવું કોઈ સુખ નથી, જેનો જન્મ કોઈ દુઃખથી ન થયો હોય અને એવું પણ કોઈ સુખ નથી, જેનો દુઃખમાં અંત ન થતો હોય. — માનવકી માંગ

200. દુઃખીની ઉન્નતિ ‘ત્યાગ’થી અને સુખીની ઉન્નતિ ‘સેવા’થી થાય છે. — સંત-પત્રાવલિ

201. સત્યના અવાજને કોઈ વ્યક્તિનો અવાજ, સત્યના જ્ઞાનને કોઈ વ્યક્તિનું જ્ઞાન, સત્યના પ્રેમને કોઈ વ્યક્તિનો પ્રેમ, સત્યના આનંદને કોઈ વ્યક્તિનો આનંદ અને સત્યના સૌંદર્યને કોઈ વ્યક્તિનું સૌંદર્ય સમજવું બહુ મોટી ભૂલ છે. આવી ભૂલ થવાથી જ વ્યક્તિઓમાં રાગ થઈ જાય છે, જે દુઃખનું મૂળ છે. રાગથી દુઃખ તથા ત્યાગથી આનંદ અવશ્ય મળે છે. — સંત-પત્રાવલિ

202. સુખની આશાથી મળવું, જુદા થવાની તૈયારી સિવાય બીજું કંઈ નથી. — જીવન-દર્શન

203. દુઃખીનું દુઃખ ત્યાં સુધી જ જીવિત છે, જ્યાં સુધી અભાગી દુઃખી દુઃખને સંસારની મદદથી મિટાવવા ચાહે છે. સંસારથી નિરાશ થતાં જ દુઃખહર્તા હરિ દુઃખને સ્વયં હરી લે છે. — સંત-સમાગમ

204. તમારા નિજ સ્વરૂપમાં અપાર આનંદ છુપાયેલો છે, જે દુઃખની કૃપાથી મળશે, સુખની કૃપાથી નહિ.— સંત-સમાગમ

205. નિરંતર અખંડ પ્રસન્ન રહેવાનો સ્વભાવ બનાવો. જેમ-જેમ પ્રસન્નતા વધતી જશે, પ્રતિકૂળતા લજવાઈને ખસતી જશે. પ્યારે, પ્રસન્નતા તરફ બધાં જુએ છે; તેથી આખું વિશ્વ તમારી સામે જોશે. દુઃખીની સામે દુઃખહર્તા સિવાય કોઈ જોતું નથી. — સંત-સમાગમ

206. હૃદયહીન થયા વિના, બેઈમાન થયા વિના, પોતાનું મૂલ્ય ઘટાડ્યા વિના અને પરાધીન થયા વિના કોઈ માણસ સુખ ભોગવી શકતો નથી. — સંતવાણી

207. સુખના ભોગીથી પ્રાણીમાત્ર ભયભીત થઈ જાય છે; કેમ કે હિંસા તથા પ્રમાદ વિના સુખભોગની સિદ્ધિ જ થતી નથી. — સાધન-તત્ત્વ

208. યોગ પ્રાપ્ત થતાં જ્યાં સુધી ‘અમે યોગી છીએ’, ત્યાં સુધી યોગના ભોગી છો. જ્ઞાન પ્રાપ્ત થતાં જ્યાં સુધી ‘અમે જ્ઞાની છીએ’ ત્યાં સુધી જ્ઞાનના ભોગી છો. પ્રેમ પ્રાપ્ત થતાં જ્યાં સુધી ‘અમે પ્રેમી છીએ’, ત્યાં સુધી આપણે પ્રેમના ભોગી છીએ. અને ભાઈ ! જે પ્રેમનો ભોગી છે, તે ક્યારેક ‘કામ’નો ભોગી થઈ શકે છે. અને જે જ્ઞાનનો

ભોગી છે, તે ક્યારેક 'અજ્ઞાન'નો ભોગી થઈ શકે છે અને જે યોગનો ભોગી છે તે ક્યારેક 'ભોગ'નો ભોગી થઈ શકે છે. — સંતવાણી

209. જો તમારી કોઈ શારીરિક સેવા કરશે તો તમે તેનો ઉપકાર એટલા માટે નથી માનતા કે એણે સેવા કરી છે, પણ તમે એટલા માટે માનો છો કે શરીરને તમે પોતાનું માન્યું છે. એ જ પ્રમાણે સેવા કરનાર તમારા પર અહેસાન કરે છે તો માની લેજો કે તે સેવા નથી કરતો. તે પરમાત્માએ આપેલી વસ્તુને પોતાની માનીને, બેઈમાન બનીને સંસારમાં મિથ્યા અભિમાન કરે છે. — પ્રેરણાપથ

210. સેવા એ તત્ત્વ છે કે જેનો હલકા-માં-હલકો ભાર પણ સેવ્ય પર ન જાય. — જીવન-પથ

211. જો આપણી કરેલી સેવા આપણા જીવનમાં પદ-લોલુપતા તથા જેમની સેવા કરી છે, તેમની પાસેથી કોઈ પ્રકારની આશા ઉત્પન્ન કરે છે તો સમજી લેવું જોઈએ કે આપણે સેવાના નામે કોઈ સ્વાર્થ જ સાધ્યો છે. આવી સેવા તો એ બૂરાઈ છે જે ભલાઈનું રૂપ ધારણ કરીને આવી છે. — માનવકી માંગ

212. 'સેવા' માની લીધેલા સંબંધને તોડવામાં અને 'પ્રેમ' જેની સાથે જાતીય એકતા છે, તેની સાથે અભિન્ન કરવામાં સમર્થ છે. — જીવન-દર્શન

213. સેવાનો બદલો ભગવાન આપે છે, સંસાર આપી શકતો નથી. — સંત-જીવન-દર્પણ

214. જે પોતે દુઃખી છે, તે સેવા કરી શકતો નથી, પણ 'વિચાર' કરી શકે છે. બિચારા સુખી પ્રાણીમાં સુખની આસક્તિના

કારણે વિચારનો ઉદય થતો નથી, પણ તે સેવા કરી શકે છે. — સંત-સમાગમ

215. તમે તમારી સ્થિતિ ન જુઓ, બલકે તમારા સ્વરૂપને જુઓ. શું તમારા સુધી ક્યારેય પણ સૃષ્ટિ પહોંચી શકે છે ? કદાપિ નહિ. — પાથેય

216. પોતાના માટે પોતાનાથી ભિન્નની આવશ્યકતા ક્યારેય થઈ શકતી નથી; કેમ કે ભિન્નતાથી એકતા થવી તદ્દન અસંભવ છે. — સંત-સમાગમ

217. સ્વાધીનતાનો અર્થ જ એ છે કે તમે જ્યારે સ્વાધીનતા પસંદ કરશો, તો શરીરની પણ આવશ્યકતા નહીં સમજો. — સંતવાણી

218. જે થઈ રહ્યું છે, તે બધાંના માટે હિતકર છે, પણ જે કરી રહ્યાં છીએ તેના પર વિચાર કરવાનો છે. — મંગલમય વિધાન

219. જે વ્યક્તિને પોતાની પ્રસન્નતા માટે બીજાની સામું જોવું પડતું નથી, તેનું જ જીવન સ્વાધીન-જીવન છે. — સંતવાણી (પ્રશ્નોત્તર)

220. ભૂતકાળને ભૂલીને, ભવિષ્યની આશાને છોડીને અને વર્તમાનની આવશ્યક નિયમાનુસાર ક્રિયાઓથી અસંગ થઈ જવાથી આત્માનુભવ અવશ્ય થશે. — સંત-પત્રાવલિ

221. જે શીખ્યા વિના થાય, તે જ સાચું 'જ્ઞાન' છે અર્થાત્ સ્વાભાવિક રીતે થઈ જાય. જે પ્રયોજન વિના થાય, તે જ સાચો 'પ્રેમ' છે, અને જે કર્યા વિના થાય તે જ સાચો 'ત્યાગ' છે. કેમ કે સાચો ત્યાગ કરવો પડતો નથી, થઈ જાય છે. — સંત-પત્રાવલિ

222. યોગની પ્રાપ્તિમાં, બોધની પ્રાપ્તિમાં, પ્રેમની પ્રાપ્તિમાં કોઈ કામના ન રાખવી એ જ મૂળ મંત્ર છે. — સંતવાણી

223. આપણાં મત, સંપ્રદાયો, વિચારધારા વગેરેનો વિરોધ સિદ્ધાંતરૂપે થતો નથી, બલકે આપણું દોષયુક્ત જીવન જ આપણા સિદ્ધાંતોનો વિરોધ કરાવવામાં હેતુરૂપ છે. આપણે આપણા સિદ્ધાંતોના મહિમાનું વર્ણન કરીને તેમનો પ્રચાર કરવા ચાહીએ છીએ, પરંતુ વાસ્તવિક પ્રચાર તો તે સિદ્ધાંતોનો થશે, જેમનું ચિત્ર આપણા જીવનમાં દેખાય છે. — જીવન-દર્શન

224. પોતાને જે સુધારી શકતો નથી, તે કોઈને સુધારી શકતો નથી. સુધારવાના બહાને પોતાની કામનાઓને સંતોષે છે. — સંતવાણી

225. લાકડું પોતે બળીને બીજાને બાળે છે, કોઈને બાળવાનું શીખવતું નથી. બીજાનો સુધાર અને શીખવવાની વાત એ મર્યાદિત ગુણોનું અભિમાન અને પોતાની યોગ્યતાનો પરિચય આપવા જેવું છે. — સંત-સમાગમ

226. ઉત્તમ પુરુષોનું પરિવર્તન 'જ્ઞાન'થી, મધ્યમ પુરુષોનું પરિવર્તન 'લાલચ'થી અને નિકૃષ્ટ પુરુષોનું પરિવર્તન 'ભય'થી થાય છે. — સંત-પત્રાવલિ

227. આ ત્રણ વાતોથી સંપૂર્ણ જીવનની સમસ્યાઓ ઉકેલાઈ જાય છે— ૧) મારે કંઈ જોઈતું નથી, ૨) પ્રભુ મારા છે, ૩) બધું જ પ્રભુનું છે. આ જ જીવનનું સત્ય છે. આનો સ્વીકાર કરવાથી ઉદારતા, સ્વાધીનતા અને પ્રેમ પ્રાપ્ત થશે. — સંતવાણી

228. મૌનનો અર્થ માત્ર ચૂપ થવું નથી, બલકે આપણા તરફથી ન વિચારવું પણ છે, ન જોવું પણ છે. મારે જે જોઈએ છે તે તો મારામાં છે, પછી ઇન્દ્રિયોની શી ગરજ ? મૌનની પાછળ એક દર્શન છે કે આપણે જે જોઈએ છે, તે આપણામાં છે, આપણા છે અને અત્યારે છે.— સંત-ઉદ્‌બોધન

229. આપણે થોડીવાર માટે, બે, ચાર કે દસ મિનિટ, એનાથી વધારે નહિ, કોઈ પણ કામ કર્યા વિના એકલા રહેવાનો સ્વભાવ બનાવીએ. એવો પ્રયત્ન કરીએ કે દસ મિનિટ સુધી અમે કોઈ કામ નહીં કરીએ, એકલા રહીશું, સામાન વિના અને સાથી વિના રહીશું. શરીર સાથે પણ નહિ. આપણને જે આપણાં ઘણાં સાથીઓ લાગે છે, ઘણો સામાન લાગે છે એની વગર રહીશું. એનો અર્થ એ નથી કે આપણે સાથીઓને નારાજ કરી દઈએ કે સામાનને બરબાદ કરી નાંખીએ. એવો મારો મતલબ નથી, પરંતુ થોડીવાર માટે એવો અનુભવ કરો કે જાણે આપણી પાસે આપણું શરીર પણ ન હોય, ત્યારે પણ આપણે હોઈશું કે નહીં ? એવો પ્રશ્ન પોતાની સામે રાખો. — સંતવાણી

230. જો આપણે થોડી-થોડી વાર માટે વિશ્રામ કરવાનો સ્વભાવ બનાવી લઈએ. એકલા હોવાનો સ્વભાવ બનાવી લઈએ તો આપણને આપણામાં જ, ક્યાંય બહાર નહીં, પ્રીતમની પ્રાપ્તિ થઈ જશે. — સંતવાણી

मूल पुस्तक में जो विशेषता होती है, वह अनुवाद में नहीं आ पाती। अनुवाद में प्रायः लेखक के कई भाव पूरी तरह व्यक्त नहीं हो पाते। इसलिये जिज्ञासु पाठकों से निवेदन है कि यदि उन्हें हिन्दी भाषा का ज्ञान हो तो वे मूल हिन्दी पुस्तक को भी अवश्य पढ़ने की कृपा करें।

# પ્રાર્થના

મારા નાથ !
તમે તમારી
સુધામયી
સર્વ સમર્થ,
પતિત પાવની,
અહૈતુકી કૃપાથી
દુઃખી પ્રાણીઓનાં હૃદયમાં
ત્યાગનું બળ
તેમજ
સુખી પ્રાણીઓનાં હૃદયમાં
સેવાનું બળ
પ્રદાન કરો,
જેથી તેઓ
સુખ-દુઃખનાં
બંધનથી
મુક્ત થઈ,
તમારા પવિત્ર પ્રેમનું
આસ્વાદન કરી
કૃતકૃત્ય થઈ જાય.

મારા નાથ !
તમે તમારી
સુધામયી
સર્વ સમર્થ,
પતિત પાવની,
અહૈતુકી કૃપાથી
માનવમાત્રને
વિવેકનો આદર
તથા
બળનો સદુપયોગ
કરવાનું સામર્થ્ય
પ્રદાન કરો,
તથા હે કરુણાસાગર !
આપની અપાર કરુણાથી
તુરત જ રાગ-દ્વેષનો
નાશ કરો.
બધાંનું જીવન
સેવા, ત્યાગ, પ્રેમથી
પરિપૂર્ણ થઈ જાય.

ૐ આનંદ ! ૐ આનંદ ! ૐ આનંદ !


વિશ્વ-શાંતિ, દુઃખ-નિવૃત્તિ તથા માનવ-કલ્યાણ માટે આવશ્યક

# માનવતાના મૂળ સિદ્ધાંત

1. આત્મ-નિરીક્ષણ, અર્થાત્ પ્રાપ્ત વિવેકના પ્રકાશમાં પોતાના દોષોને જોવા.
2. કરેલી ભૂલને ફરીથી ન કરવાનું વ્રત લઈ સરળ વિશ્વાસપૂર્વક પ્રાર્થના કરવી.
3. વિચારનો પ્રયોગ પોતાના પર અને વિશ્વાસનો બીજાઓ પર અર્થાત્ ન્યાય પોતાના પર અને પ્રેમ તથા ક્ષમા અન્ય પર.
4. જિતેન્દ્રિયતા, સેવા, ભગવત્ ચિંતન અને સત્યની ખોજ દ્વારા પોતાનું નિર્માણ.
5. બીજાઓનાં કર્તવ્યને પોતાનો અધિકાર, બીજાઓની ઉદારતાને પોતાનો ગુણ અને બીજાઓની નિર્બળતાને પોતાનું બળ ન માનવું.
6. પારિવારિક તથા જાતીય સંબંધ ન હોવા છતાં પણ પારિવારિક ભાવનાને અનુરૂપ જ પારસ્પરિક સંબોધન તથા સદ્ભાવ અર્થાત્ કર્મની ભિન્નતા હોવા છતાં પણ સ્નેહની એકતા.
7. નજીકના જનસમાજની યથાશક્તિ, ક્રિયાત્મકરૂપે સેવા કરવી.
8. શારીરિક હિતની દષ્ટિથી આહાર, વિહારમાં સંયમ તથા દૈનિક-કાર્યોમાં સ્વાવલંબન.
9. શરીર શ્રમી, મન સંયમી, બુદ્ધિ વિવેકવતી, હૃદય અનુરાગી તથા અહમ્‌ને અભિમાનશૂન્ય કરીને પોતાને સુંદર બનાવવા.
10. સિક્કાથી વસ્તુ, વસ્તુથી વ્યક્તિ, વ્યક્તિથી વિવેક, વિવેકથી સત્યને વધારે મહત્ત્વ આપવું.
11. વ્યર્થ ચિંતનનો ત્યાગ તથા વર્તમાનના સદુપયોગ દ્વારા ભવિષ્યને ઉજ્જવળ બનાવવું.

**'વિસ્તૃત વ્યાખ્યા માટે શ્રી શરણાનંદજી મહારાજનું**
**'માનવતાના મૂળ સિદ્ધાંત' પુસ્તક વાંચો.**

!! હરિઃ શરણમ્ !!



અનંતનાં સખા, માનવતાનાં મસીહા, બ્રહ્મનિષ્ઠ, ક્રાંતદર્શી, પ્રજ્ઞા–ચક્ષુ સંત શિરોમણિ

# સ્વામી શરણાનંદજી મહારાજ

**સ્વામીજી પુસ્તકોમાં પોતાનું નામ તથા ચિત્ર પ્રકાશિત કરવા માટે ક્યારેય અનુમતિ નહોતા આપતા. પરંતુ દેશ, કાળ, પરિસ્થિતિ પરિવર્ત તથા કેટલાક વ્યાવહારિક કારણોસર તેમનું નામ તથા ચિત્ર આપવામાં આવ્યું છે.**

## મહામંત્રમ્


**હરિ શરણમ્, હરિ શરણમ્ ।**
**હરિ શરણમ્, હરિ શરણમ્ ।**
**મહામાનવ ને કૃપા કર, દિયા હમકો મહામંત્રમ્ ।**
**ન ભૂલેં હમ, ન ભૂલેં હમ । હરિ શરણમ્, હરિ શરણમ્ ।।**
**ચાહે સુખ કી છટા છાયે,**
**ચાહે દુઃખ કી ઘટા આયે,**
**ખુશી હો યા હજારોં ગમ । હરિ શરણમ્, હરિ શરણમ્ ।।**
**નહીં દુનિયાઁ મેં કુછ અપના,**
**યહ સબ એક રાત કા સપના,**
**સત્ય હૈ વહ અમર પ્રીતમ । હરિ શરણમ્, હરિ શરણમ્ ।।**
**પ્રીત કી જોત જગ જાયે,**
**વિરહ કી આગ લગ જાયે,**
**ફિર બરસે પ્રેમ કી રિમઝિમ । હરિ શરણમ્, હરિ શરણમ્ ।।**
**યહી હૈ જુસ્તજૂ અપની,**
**યહી હૈ આરજૂ અપની,**
**હરિ કા હો કે નિકલે દમ । હરિ શરણમ્, હરિ શરણમ્ ।।**

# બ્રહ્મલીન શ્રદ્ધેય સ્વામીજી
# શ્રી શરણાનંદજી મહારાજનું અમૂલ્ય સાહિત્ય


1. સંત સમાગમ ભાગ-1 થી 3
2. સંતવાણી ભાગ-1 થી 8
3. પ્રશ્નોત્તરી (સંતવાણી) ભાગ-1 અને 2
4. સંત સૌરભ (સંતવાણી)
5. સંત ઉદ્બોધન
6. પ્રેરણા પથ
7. સંત પત્રાવલી ભાગ-1 થી 3
8. જીવન દર્શન ભાગ-1 અને 2
9. ચિત્ત શુદ્ધિ ભાગ-1 અને 2
10. જીવન પથ
11. માનવકી માંગ
12. માનવ દર્શન
13. મૂક સત્સંગ ઔર નિત્ય યોગ
14. માનવતાકે મૂલ સિદ્ધાંત
15. સત્સંગ ઔર સાધન
16. સાધન તત્ત્વ
17. સાધન ત્રિવેણી
18. દર્શન ઔર નીતિ
19. દુઃખકા પ્રભાવ
20. મંગલમય વિધાન
21. જીવન વિવેચન ભાગ-1 થી 7
22. સંત જીવન દર્પણ
23. માનવ સેવા સંઘકા પરિચય
24. સાધન નિધિ
25. પાથેય ભાગ-1 અને 2
26. પથ પ્રદીપ
27. પ્રાર્થના તથા પદ
28. મૈ કી ખોજ
29. ક્રાંતિકારી સંતવાણી
30. સંત હૃદયોદ્ગાર
31. રજત સ્મારિકા
32. Ascent Triconfluent
33. A Saint's call to Mankind
34. Sadhna spot light by a saint
35. Revelation of the Spiritual Path
36. Pathway to Life

## Published and Potential other books

1. मानवमात्र के शरणानन्दजी
2. यह नियम है कि- (It is a Cosmic Law that...)
3. Humanity's own Sharnānandji
4. Krāntikārī Santvānī
5. Prashnōttarī
6. Sant Jīvan Darpaṇ
7. Sant Hridayōdgār
8. માનવમાત્રના શરણાનંદજી
9. સાધન નિધિ
10. મૂક સત્સંગ તથા નિત્યયોગ
11. સત્સંગ અને સાધન
12. દર્શન અને નીતિ
13. ચિત્ત-શુદ્ધિ - ભાગ 1
14. ચિત્ત-શુદ્ધિ - ભાગ 2
15. ક્રાંતિકારી સંતવાણી
16. સંત હૃદયોદ્ગાર
17. तरुतले भाग-1 से 3 (जयपुर)
18. साधन-सूत्र (लखनऊ)

















ઈશ્વરવાદમાં ધર્મ-ભેદ હોઈ જ ન શકે. ઈશ્વરવાદ તો માનવ-જીવનનું એક એવું વ્યાપક સત્ય છે કે મંદિર, મસ્જીદ અને ચર્ચનાં ભેદ તેને વિભાજીત નથી કરી શકતાં. ઈશ્વરવાદી થઈને ધર્મ-સંઘર્ષ કરવાવાળો ઘોર અનીશ્વરવાદી છે..... કોઈ મંદિર જઈને પૂજા કરશે, કે મસ્જીદમાં જઈને નમાજ પઢશે, કે ચર્ચમાં જઈને પ્રાર્થના કરશે એ પ્રશ્ન જ નથી ઉઠતો. જો કોઈ પ્રભુને પોતાના માનીને તેમના પ્રત્યે પ્રેમ-ભાવ રાખશે અને તેમને જ નાતે પ્રાણીમાત્ર પ્રત્યે સદ્ભાવ રાખશે તો તેને સર્વ જગ્યાએ પરમાત્મા મળશે, નહિતર ક્યાંય નહિ મળે.... ધાર્મિક એકતાને સુરક્ષિત રાખવામાં સમર્થ આ ધ્રુવ સત્ય છે.

- પ્રબોધની પુસ્તકથી
























**માનવમાત્રને એકમત કરવાનું અભૂતપૂર્વ સામર્થ્ય ધરાવતી**
**શરણાનંદજી ની પુસ્તકો એકવાર વાંચીને તો જુઓ**